આજનો સુવિચાર
વિચારો હંમેશા શ્રેષ્ઠ હોવા જોઈએ, કારણ કે, દ્રષ્ટીનો ઈલાજ શકય છે, દ્રષ્ટીકોણનો નહી..

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૫૫ જૂનાગઢ તા.૧૭-૬-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 155, Junagadh : Date : 17 Jun, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

### જૂનાગઢ શહેરમાં મજેવડી દરવાજા ખાતે દરગાહનાં ડિમોલીશનનાં મામલે

# પોલીસ અને ટોળા વચ્ચે ઘર્ષણ : ૧૭૪ની અટકાયત : સ્થિતિ નિયંત્રણ હેઠળ




## ટોળાને વિખેરવા પોલીસ દ્વારા લાઠીચાર્જ, ટીયરગેસનાં પાંચ સેલ છોડાયા : પથ્થરમારામાં ડીવાયએસપી ધાંધલીયા, ત્રણ પીએસઆઈને ઈજા પહોંચી : સમગ્ર રાત્રી દરમ્યાન શહેરનાં વિવિધ વિસ્તારોમાં પોલીસનું વ્યાપક કોમ્બીંગ : તોફાની તત્વોને રાઉન્ડ અપ કરવા પોલીસ દ્વારા કડક કાર્યવાહી : સમગ્ર શહેરમાં લોખંડી બંદોબસ્ત

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ શહેરમાં મજેવડી દરવાજા ખાતે આવેલ દરગાહનાં ડિમોલીશન મામલે જૂનાગઢ મહાનગરપાલિકાનાં સિનિયર ટાઉન પ્લાનરની સહીથી એક નોટીસ દરગાહ ખાતે તા. ૧૪-૬-૨૦૨૩નાં રોજ ચોંટાડવામાં આવી હતી જે મામલે ગઈકાલે સાંજથી મજેવડી દરવાજા ખાતે આવેલ દરગાહ ખાતે લોકોનાં ટોળા એકત્રીત થયા હતા. પોલીસ દ્વારા ટોળાને વિખેરાઈ જવા સમજાવટ કરવામાં આવી રહી હતી તે દરમ્યાન લગભગ ૧૦.૧૫ કલાકે મામલો બિચકયો હતો અને પથ્થરમારો શરૂ થઈ ગયો હતો. સ્થિતિને કાબુમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જ કર્યો હતો અને ટીયરગેસનાં પાંચ સેલ છોડયા હતા. આ દરમ્યાન ટોળાએ એક મોટર સાયકલને આગ ચાંપી દીધી હતી તેમજ ઘટના સ્થળેથી પસાર થઈ રહેલી એસટી બસ ઉપર પથ્થરમારો કર્યો હતો જેમાં એસટી બસનાં કાચ તુટી ગયા હતા અને બસ ડ્રાઈવરને ઈજા થઈ હતી. તેમજ પથ્થરમારામાં જૂનાગઢનાં ડીવાયએસપી હિતેશ ધાંધલીયા અને ત્રણ પીએસઆઈ ઈજાગ્રસ્ત થતાં તેમને સિવિલ હોસ્પીટલમાં સારવાર આપવામાં આવી રહી છે. આ બનાવને પગલે જૂનાગઢ શહેરમાં અફવાઓનું બજાર ગરમ થઈ ગયું હતું. પોલીસે સમગ્ર શહેરમાં લોખંડી બંદોબસ્ત તૈનાત કરી દીધો છે અને ગત સમગ્ર રાત્રી દરમ્યાન જૂનાગઢ શહેરનાં કોટ વિસ્તારમાં પોલીસે સઘન કોમ્બીંગ કર્યુ હતું અને ૧૭૪ લોકોની અટકાયત કરી હોવાનું પોલીસે જણાવ્યું છે. હજુ પણ કોમ્બીંગની કાર્યવાહી ચાલુ છે અને શકમંદોની અટકાયત થઈ રહી છે. અટકાયત કરાયેલ આરોપીઓ સામે પોલીસ દ્વારા એફઆઈઆર નોંધવાની કાર્યવાહી થઈ રહી છે. પથ્થરમારાની આ ઘટનામાં ત્રણ પોલીસ વાહનો અને એક પોલીસ ટુ-વ્હીલરને નુકશાન થયું હોવાનું જણાવાય રહયું છે.

## તોફાની તત્વો સામે કડક કાર્યવાહી કરાશે : જીલ્લા પોલીસ વડા



જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ શહેરમાં ગતારાત્રે મજેવડી દરવાજા ખાતે બનેલી હિંસક ઘટનાઓનાં સંદર્ભમાં જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીએ આજે સવારે પ્રેસકાન્ફરન્સ બોલાવી વિગતો આપીહતી જેમાં તેમણે જણાવ્યું હતું કે, દરગાહ સ્થિત ગેરકાયદેસર દબાણનાં ડિમોલીશનનાં મામલે જૂનાગઢ મનપા દ્વારા નોટીસ આપવામાં આવી હતી ત્યારબાદ ગત સાંજે દરગાહ ખાતે લોકોનાં ટોળા એકઠા થઈ જતાં જૂનાગઢનાં ડીવાયએસપી, એ, બી અને સી ડીવીઝનનાં પીઆઈ, પીએસઆઈ, એલસીબી, એસઓજી સહિતનો કાફલો ઘટના સ્થળે ઉપસ્થિત હતો અને લોકોને વિખેરાઈ જવા સમજાવી રહયો હતો તે દરમ્યાન રોડ બ્લોકને હટાવવા માટે લોકોને સમજાવામાં આવી રહયા હતા તો દરમ્યાન પોલીસ ઉપર બે-ચાર પથ્થર આવ્યા હતા અને નારાબાજી શરૂ થઈ હતી તેથી પોલીસે ટોળાને વિખેરવા માટે લાઠી ચાર્જ કર્યો હતો જેમાં ડીવાયએસપી અને ત્રણ પીએસઆઈને ઈજા થઈ હતી જે તામામની સ્થિતિ ભયમુકત છે. અત્યાર સુધી ૧૭૪ લોકોની અટકાયત કરવામાં આવી હોવાનું જણાવ્યું છે. આ પથ્થરમારા દરમ્યાન એક વ્યકિતનું મૃત્યું થયું છે જેનો પીએસ રીપોર્ટ આવ્યા બાદ મૃત્યુનું ચોકકસ કારણ જાણી શકાશે. જો આ બનાવમાં પૂર્વ આયોજીત કાવતરૂ હોવાનું બહાર આવશે તો તે અંગે તપાસ બાદ કાર્યવાહી થશે તેમ જીલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું.

## પથ્થરમારાની ઘટના વખતે એક વ્યકિતનું મૃત્યું: પીએમ રીપોર્ટ બાદ કારણ જાણી શકાશે

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ જીલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું કે, ગતરાત્રે પથ્થરમારાની ઘટના વખતે એક નાગરીકનું મૃત્યું થયું છે જેનો પીએમ રીપોર્ટ આવ્યા બાદ આ નાગરીકનું મૃત્યું ચોકકસ કયા કારણથી થયું છે તો જાણી શકાશે તેમ એસપીએ જણાવ્યું હતું.

## મજેવડી દરવાજા ખાતે બનેલી ઘટનાને મુસ્લીમ આગેવાનોએ વખોડી

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ શહેરમાં ગતરાત્રે બનેલી ઘટના અંગે શહેરનાં મુસ્લીમ અગ્રણીઓએ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક સાથે વાતચીત કરતા જણાવ્યુ હતું કે, મજેવડી દરવાજા ખાતે ગતરાત્રે જે ઘટના બની તે ખુબજ નિંદનીય છે અમે તેને વખોડી કાઢીએ છીએ. આ તકે મુસ્લીમ આગેવાનોએ લોકોને વિનંતી કરતા કહયું કે, તેઓ પોલીસ તંત્ર, કાયદામાં અને ભારતનાં બંધારણમાં વિશ્વાસ રાખે અને કાયદો હાથ લેવા જેવી કોઈપણ પ્રવૃતિ કરે નહી જેથી કરીને શહેરની શાંતિ - કોમી એકતાને ઠેસ પહોંચે, કાયદો કાયદાનું કામ કરશે જ દેશનાં બંધારણે આપેલા અધિકારોઅને કાયદાની જોગવાઈ મુજબ જ કાર્યવાહી કરવામાં આવે તે જ ઈચ્છીનીય છે, તંત્ર અને કાયદા વિરૂધ્ધ સંઘર્ષમાં ઉતરવું કોઈના હિતમાં નથી તેથી શહેરની શાંતિ જાળવી રાખવામાં તમામની ફરજ છે જે તમામ લોકોએ સમજવું જોઈએ તેવું મુસ્લીમ આગેવાનોએ જણાવ્યું હતું.

## સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
## શાંતિ જાળવવા અપીલ

ગીરનારી, દાતારી નગરી જૂનાગઢ શહેરમાં ગતરાત્રે બનેલી હિંસક ઘટના ખુબજ વ્યથીત કરનારી છે. જૂનાગઢ શહેરની એ પરંપરા રહી છે કે, ભૂતકાળમાં ગમે તેવી વિકટ પરિસ્થિતિ કે કપરા સંજોગોમાં પણ જૂનાગઢનાં નાગરીકોએ શાંતિ એકતા જાળવી રાખવાની તેમની વારસાગત પરંપરા નિભાવી છે ત્યારે આ તકે અમે તમામ શહેરીજનોને વિનંતી કરીએ છીએ કે, તેઓ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવામાં પોલીસ તંત્રની મદદ કરે, ભારતનાં બંધારણ અને કાયદામાં વિશ્વાસ રાખે અને કોઈપણ એવી પ્રવૃતિથી દુર રહે જેનાથી અફવાઓ ફેલાય અને શહેરની શાંતિ ડહોળાઈ તેવું કોઈ પગલું ભરે નહી. આ પવિત્ર ભૂમિની પવિત્રતાને જાળવી રાખવાની આપણી તમામની જવાબદારી છે. ફરી અમે શાંતિ જાળવવા નમ્ર અપીલ કરીએ છીએ.

**અભિજીત ઉપાધ્યાય**
**તંત્રી સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક, જૂનાગઢ**
**એસ.આઈ. બુખારી -**
**ચીફ ન્યુઝ એડીટર - સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક જૂનાગઢ**

## આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વાવાઝોડા અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરશે

ગાંધીનગર તા. ૧૭

રાજ્યમાં બિપરજોય વાવાઝોડાને કારણે અનેક વિસ્તારોમાં ભારે તારાજી સર્જી છે ત્યારે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અસરગ્રસ્ત વિસ્તાર કચ્છની મુલાકાત લેવાના છે. ગૃહમંત્રી અમિત શાહ આજે ભુજ એરપોર્ટ પર આવશે અને ત્યાથી તેઓ અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરશે. ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં બિપરજોય વાવાઝોડાએ ભારે તારાજી સર્જી છે. જેને પગલે આજ કેન્દ્ર સરકારના અધિકારીઓ, રાજ્યના અધિકારીઓ તેમજ જિલ્લા કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ તમામ પ્રકારની મદદ આપવા માટે પહેલ કરી હતી. આજે અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વાવાઝોડા અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત કરશે. આ ઉપરાંત અમિત શાહ આજે અમદાવાદ પણ આવી શકે છે. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી સાથે ટેલિફોનિક વાત કરીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. બિપરજોય વાવાઝોડા દરમિયાન કેન્દ્ર સરકારએ રાજ્યમાં બચાવ અને રાહત ઉપાયોની સમીક્ષા કરવા માટે કેન્દ્રીય મંત્રીઓની એક ટીમ પણ રાજ્યમાં મોકલવામાં આવી હતી.

## સૌરાષ્ટ્ર - કચ્છમાં વાવાઝોડાથી વેપાર - ઉદ્યોગ જગતને રૂા. ૫ હજાર કરોડનાં નુકશાનનો અંદાજ

અમદાવાદ,તા.૧૭

કચ્છમાં ત્રાટકેલા વિનાશક વાવાઝોડાએ માલ-મિલ્કતોને વ્યાપક નુકશાન પહોંચાડયું છે અને તેમાં વેપારઉદ્યોગ જગતને રૂા.૫૦૦૦ કરોડનું નુકશાન હોવાનો અંદાજ મુકવામાં આવી રહ્યો છે. ઔદ્યોગિક ઉત્પાદન ઠપ્પ રહેવા ઉપરાંત વરસાદ-પવનથી ઘણી નુકશાની છે. બંદરો બંધ રહ્યા હતા. ઉપરાંત ૭ જીલ્લાઓમાં અતિ ભારે વરસાદથી ઔદ્યોગીક ઉત્પાદન થંભી ગયુ હતું. પરિવહન પણ ઠપ્પ થયુ હતું. ગુજરાત સરકાર ઓફ કોમર્સ દ્વારા એમ કહેવામાં આવ્યું છે કે, અસરગ્રસ્ત ભાગોમાં વિજથાંભલા સહિતની માળખાગત સુવિધાઓ ઠપ્પ થતા વેપાર-ઉદ્યોગ ક્ષેત્રમાં ગતિવિધિ નોર્મલ થવામાં હજું કેટલાક દિવસો લાગી શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છ ટેકસટાઈલ્સ, સિરામીક, બ્રાસપાર્ટ, એન્જીનીયરીંગ જેવા ઉદ્યોગોના એક્મો ધરાવે છે. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના સુત્રોનાં જણાવ્યા મુજબ બંદરો તથા પરિવહન સંપૂર્ણ ઠપ્પ છે જંગી કાર્ગોનો ભરાવો છે તેની પણ ઉદ્યોગોમાં અસર છે. કંડલા-મુંદ્રા રૂટ પર જ ૧૦૦૦૦થી વધુ ટ્રક અટવાયેલા છે. બન્ને બંદર ગત મંગળવારથી બંધ છે.

મીઠા ઉત્પાદનમાં મોરબી નજીકનુ માળીયા તથા કચ્છનું નવલખી મુખ્ય મથક ગણાય છે. મીઠાની ભરસીઝન હોવાને કારણે ઉત્પાદન એકમોમાં મોટો સ્ટોક હતો. પાંચ લાખ ટન મીઠુ તણાઈ-ધોવાઈ ગયાનું અનુમાન છે. મહિને સોલ્ટ મેન્યુફેકચરર્સ એસોસીએશનના કહેવા પ્રમાણે આગોતરી ચેતવણી હતી છતાં જંગી સ્ટોકને ખસેડવાનું મુશ્કેલ હતું. ૫૦૦ ઉત્પાદન એકમોમાં સ્ટોક ધોવાઈ ગયો હતો. હવે સપ્લાયમાં ખેંચ વર્તાશે એટલે ઔદ્યોગીક મીઠાના ભાવમાં તેજી થવાની શકયતા છે.

એશિયાના સૌથી મોટા સિરામીક કલસ્ટર તરીકે ગણના પામતા મોરબીના સિરામીક ટાઈલ્સ ઉદ્યોગને રૂા.૪૫૦ કરોડનો કારોબાર ઠપ્પ થયાનો અંદાજ છે. ૧૦૦૦ જેટલી ટાઈલ્સ-સેનીટરીવેર્સ ફેકટરીઓ ધરાવતા ઉદ્યોગોમાં ૧૫ જૂનથી રજાછે. ફેકટરીઓ દસ દિવસ બંધ રહેશે અને તેમાં રૂા.૪૫૦ કરોડનુ ઉત્પાદન નુકશાન રહેશે. ૯૦૦૦ જેટલા નાના-મોટા એકમો ધરાવતો જામનગરનો બ્રાસપાર્ટ ઉદ્યોગ ભારે વરસાદ તથા પરિવહન ઠપ્પ થવાને કારણે સ્થગીત જેવો થઈ ગયો છે. અનેક વિજથાંભલા ઉખડી ગયા હતા. કારખાનામાં ફરી શરૂ થવામાં પાંચથી સાત દિવસ નિકળી જાય તેમ છે.વિજસપ્લાય શરૂ થાય પછી જ ઉદ્યોગ ધમધમી શકે તેમ હોવાનું જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશનના સુત્રોએ જણાવેલ છે.


શ્રી બાલવી
એસ્ટેટ બ્રોકર
જૂનાગઢમાં તમામ એરીયામાં ફ્લેટ, ડુપ્લેક્ષ, ઓફિસ, પ્લોટ, દુકાન ભાડે તથા લે-વેચ માટે મળો...

દુકાન નં.એ-૨૪, માર્કેટીંગ યાર્ડ, દોલતપરા, જૂનાગઢ.

ઓફિસ વેચાણ / ભાડે / લીઝથી
ફુલ આધુનિક ફર્નિચર, CCTV કેમેરા, નવું બિલ્ડીંગ, લીફ્ટ, રોડ ફેસિંગ, ૬૨૨ ચો.ફુટ જગ્યા, જૂનાગઢના મધ્યમાં. CA, કલાસીસ, બેંક, ફાઈનાન્સ કું., IT કંપની, ટ્રેનિંગ સેન્ટર માટે મોકાની જગ્યા ખૂબજ વ્યાજબી ભાવે તાત્કાલીક આપવાની છે.
સંપર્ક : ૯૪૨૬૧ ૬૫૨૧૫

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

Himalaya Baidyanath Dabur emami ZANDU VIRGO Hamdard પતંજલિ
ગુજરાત આયુર્વેદીક એન્ડ જનરલ સ્ટોર
અમારે ત્યાંથી દરેક પ્રકારની આયુર્વેદીક દવા તેમજ પ્રોડકટ મળશે.
આયુર્વેદિક દવાઓ પર શાનદાર ડિસ્કાઉન્ટ
ક્રિસ્ટલ કોમ્પ્લેક્સ ચીતા ખાના ચોક જુનાગઢ
9586250898

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# માંગરોળમાં સુવિધાજનક સ્મશાન બનાવવા માંગ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૧૭

માંગરોળમાં સ્મશાનની કામગીરી પૂર્ણ ન થતાં ડાઘુઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તેજ ઝડપે ફુંકાતા પવન અને વરસાદ વચ્ચે તાળપત્રીની આડશ કરી મૃતદેહની અંતિમવિધિ દરીયાકાંઠે ખુલ્લામાં કરવાની ફરજ પડી હતી. પરિણામે ઉપસ્થિત લોકોમાં ભારે રોષ ફેલાયો હતો.

સ્મશાનના પ્રશ્ને હિન્દુ સમાજ શરૂઆતથી જ દુવિધા ભોગવી રહ્યો છે. વિપ્ર અને વણિક સમાજના સંયુક્ત ટ્રસ્ટના સ્મશાનની અત્યંત જર્જરિત હાલતને લીધે લાંબો સમય મૃતકની અંત્યેષ્ટિ દરીયાકાંઠે ખુલ્લામાં કરવામાં આવતી હતી. દરમ્યાન સમાજના અગ્રણીઓની અનેકવિધ રજુઆતો બાદ સ્મશાનના ડેવલપમેન્ટ અંતર્ગત ૨૪ લાખના ખર્ચે ફ્લોરીંગ, શેડ સહિતના વિવિધ કામો માટે ન.પા.એ કાર્યવાહી હાથ ધરી હતી. કોઈ કારણોસર વિલંબ બાદ ગત માસમાં એજન્સીને તેનો વર્ક ઓર્ડર અપાયો હતો.

દરમ્યાન ગુરૂવારે એક ૬૫ વર્ષના વૃધ્ધનું અવસાન થયું હતું. પરંતુ એકતરફ વાવાઝોડા જેવો પવન અને વરસાદ તો બીજી તરફ સ્મશાનમાં અગ્નિદાહ અપાય તેવી સ્થિતિ ન હોય, અંતિમવિધિ માટે બંદરે પહોંચેલા ડાઘુઓમાં ચિંતા પ્રસરી હતી. જો કે કોઈ પણ જ્ઞાતિમાં મરણ પ્રસંગે હરહંમેશ મદદરૂપ થતા ખારવા સમાજના ખીમજીભાઈએ લોકોને ધરપત આપી હતી. ત્યારબાદ અગ્નિદાહની તૈયારી આરંભી દરીયામાંથી આવતા તેજપવનને રોકવા ડાઘુઓએ પ્લાસ્ટિકની તાળપત્રીની આડશ કરતા ભારે જહેમત બાદ અંતિમવિધિ શક્ય બની હતી. તંત્ર દ્વારા જગ્યા નીમ કરી, સમસ્ત હિન્દુ સમાજ માટે ઈલેક્ટ્રીક ભઠ્ઠી સહિતની સુવિધા ધરાવતું સ્મશાન બનાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# શ્રી કષ્ટભંજનદેવ દાદાને રંગબેરંગી કલરના ફુલોનો દિવ્ય શણગાર કરાયો



સાળંગપુર, તા.૧૭ : વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શનિવાર નિમિત્તે તા.૧૭-૬-૨૦૨૩ના રોજ શ્રી કષ્ટભંજનદેવને ફુલોનો દિવ્ય શણગાર ધરાવવામાં આવેલ તેમજ સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી તથા ૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ. દર્શન-આરતીનો ઓનલાઈન લાભ હજારો હરિભક્તોએ લઈ ધન્યતા અનુભવી હતી.

# માંગરોળમાં ૧૫ પરીવારોનું સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરાયું



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા. ૧૭

માંગરોળમાં અનેક જુનવાણી ઈમારતો તદ્દન જર્જરિત હાલતમાં છે. ગમે ત્યારે ધસી પડે તેવી સ્થિતિમાં છે. ગુરૂવારે બીપરજોય વાવાઝોડાને પગલે ફુંકાતા ભારે પવન અને વરસાદ વચ્ચે રાહદારીઓ, વાહનચાલકોની સલામતી માટે તંત્રએ આવી જોખમરૂપ ઈમારતો પાસેથી પસાર થતા રસ્તાઓ પર દુર સુધી આડશો ગોઠવી દઈ માર્ગો બંધ કરી દીધા હતા. તો ગાયચોગાન નજીક આવેલા એક ખખડધજ બિલ્ડિંગના રવેશ સહિતનો કેટલોક ભાગ પોલીસ બંદોબસ્ત વચ્ચે તાબડતોબ તોડી પડાયો હતો. જ્યારે પવનની તીવ્ર ગતિ અને ભારે વરસાદની સંભાવનાને ધ્યાને લઈ રાત્રીના પીએસઆઈ શિતલબેન સોલંકી, ન.પા. ચીફ ઓફીસર દેવીબેન તથા સ્ટાફે શહેરના ચુનાભઠ્ઠી તેમજ ઈન્દિરાનગરમાં કાચા મકાનોમાં રહેતા ૧૫ જેટલા પરિવારોનું સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કર્યુ હતું.

# બુધવારે લાંબામાં લાંબો દિવસ : વિજ્ઞાન જાથા

અમદાવાદ, તા.૧૭

સૂર્યનો ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. ભારતના લોકોએ માર્ચની તા. ૨૧ મી એ દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કર્યો હતો. બુધવાર તા. ૨૧મી જુન લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે. આ ખગોળીય ઘટનાનો લાભ લેવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. તેના કારણે તા. ૨૧ મી જુને લાંબામાં લાંબો એટલે કે રાજકોટમાં દિવસ ૧૩ કલાક ૨૮ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૨ મિનિટ – અમદાવાદમાં દિવસ ૧૩ કલાક ૩૦ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૦ મિનિટ – સુરતમાં દિવસ ૧૩ કલાક ૨૨ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૮ મિનિટ – થરાદમાં દિવસ ૧૩ કલાક ૩૧ મિનિટ, રાત્રિ ૧૧ કલાક ૨૯ મિનિટ – મુંબઈમાં દિવસ ૧૩ કલાક ૧૩ મિનિટ – રાત્રિ ૧૦ કલાક ૪૭ મિનિટ સમયગાળામાં રહેશે. તા. ૨૨ મી જુનથી ક્રમિક રીતે દિવસ સેકન્ડના તફાવતે પ્રમાણે ક્રમશઃ ટૂંકો અને રાત્રિ લાંબી થતી જોવા મળશે. ભારતમાં સૂર્યોદય–સૂર્યાસ્ત પ્રમાણે વિવિધ સ્થળોએ સેકન્ડ–મિનિટના તફાવતથી ફેરફાર દિવસ–રાત્રિ જોવા મળશે. વધુમાં જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ૨૧ મી જુન પછી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણાયાન કહેવામાં આવે છે. દિવસ–રાતની લંબાઈ ચંદ્રની દિશા ગતિ અને સૂર્ય તરફ પૃથ્વીનો ઝુકાવ અને સૂર્યને પરિભ્રમણ ગતિ વગેરે પરિબળો ઉપર આધારિત હોય છે જે સતત બદલાતા રહે છે. પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ને ખુણે નમેલી હોય છે. પૃથ્વીનું માથું દક્ષિણ અને ઉત્તર તરફ નમેલું હોવાના કારણે પૃથ્વીવાસીઓને ગરમી અને ઠંડી વિવિધ આબોહવાનો અનુભવ સૂર્યના કિરણોના કારણે જોવા મળે છે. તા. ૨૧મી જુને લાંબામાં લાંબો દિવસ રાત્રિ ટૂંકી ત્યાર બાદ સેકન્ડના તફાવતે દિવસ ટૂંકો અને રાત્રિ લાંબીનો લોકો અનુભવ કરશે. આ ખગોળીય ઘટના વિશે વિશેષ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા કાર્યાલય મંત્રી અંકલેશ ગોહિલની યાદીમાં જણાવાયું છે.

# માંગરોળમાં યુવકને વિજકરંટ લાગતા મોત

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા. ૧૭

માંગરોળ ના લુહારવાળા વિસ્તારમાં રહેતા ફારૂક અબ્દુલ શેખલાલ (ઉ. વ. આ. ૩૫) ને રાત્રે વિજ કરંટ લાગવાથી મોત નીપજ્યું હતું. આ બનાવની જાણવા મળતી વિગત એવી છે કે માંગરોળના લુહારવાળા વિસ્તારમાં રહેતા ફારૂક શેખલાલ રાત્રે દસેક વાગ્યાના અરસામાં ઘરમાં પાણીની વ્યવસ્થા કરવા માટે મોટર ચાલુ કરવા જતા વિજકરંટ લાગ્યો હતો. તેમને બચાવવા જતાં તેમની પત્નીને પણ કરંટ લાગ્યો હતો. ફારૂકને કંરટ લાગવાથી જમીન પર ઢળી પડેલ. તાત્કાલિક અસરથી ૧૦૮ મા કોલ કરેલ. પરંતુ ૧૦૮ પહોંચે એ પહેલા લોકોએ ફારૂકભાઈને તાબડતોબ માંગરોળની શિફા હોસ્પિટલ ખાતે લઈને દોડી ગયેલા. પરંતુ ફારૂકભાઈએ દંમ તોડી દીધો હતો. બે નાના બાળકોના યુવા પિતા ફારૂકભાઈ મજૂરી કરીને ગુજરાન ચલાવતા હતા. જેમના અચાનક મોતથી નાના બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવારમાં હૈયાફાટ રૂદન થયું હતું.

# બીપરજોય વાવાઝોડાએ ગીરગઢડા તાલુકાના ખેડૂતના ૧૫ વીઘાના કેળના પાકનો નાશ થયો

**ભારે પવનના લીધે કેળના બધા ઝાડ જમીન દોસ્ત થયા : આશરે ૮ લાખથી વધુનું આર્થિક નુકશાન**

(નિરવ ગઢીયા દ્વારા) ઉના, તા.૧૭

તાજેતરમાં આવેલ બિપરજોય વાવાઝોડાએ સમગ્ર દેશ સહિત સૌરાષ્ટ્રને તહેસ નહેસ કરી નાખ્યું છે. છેલ્લા ત્રણ દિવસથી ભારે પવન અને વરસાદના ઝાપટાઓ વચ્ચે ગીરગઢડા ગામના ખેડૂત જગદીશ બાલુ કોરાટની ૧૫ વીઘાના કેળના ઊભા પાકને સંપૂર્ણ ઢાળી દીધો હતો. હાથમાં આવેલો પાક અને એક વર્ષની મહેનત ઉપર પાણી ફરી વળતા ખેડૂત કુદરત સામે લાચાર બન્યો. એક વર્ષની ખેડૂતએ મોટી કરેલ કેળના પાકને બિપરજોયના ભારે પવનએ જમીનદોસ્ત કરી નાખી અને પારાવાર નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. આશરે ૮ લાખથી વધુની આર્થિક નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. તેમજ કેરીનાં અનેક બાગોને પણ નુકશાન થતાં ખેડૂતોમાં ભારે ચિંતાની લાગણી ફેલાયેલ છે.

# વિડિયો કોન્ફરન્સના માધ્યમથી વાવાઝોડાની સમીક્ષા બેઠકમાં સૌરાષ્ટ્ર કચ્છના તમામ જિલ્લાઓમાં થયેલ નુકશાનીનો તાગ મેળવતા મુખ્ય સચિવશ્રી રાજકુમાર

રાજકોટ તા. ૧૭

ગત રાત્રિના આવેલા વાવાઝોડાના સંદર્ભે સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છની વાવાઝોડાની પરિસ્થિતિનો તાગ મેળવવા માટે મુખ્ય સચિવ રાજકુમારે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી વિવિધ જિલ્લાઓના કલેક્ટર સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજી નુકશાનીનો અંદાજ મેળવ્યો હતો.

મુખ્ય સચિવશ્રીએ કચ્છ, ભુજ, દ્વારકા, જામનગર, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ, મોરબી સહિતના જિલ્લાઓમાં રોડ-વીજળી-પાણી-આશ્રિતોની પરિસ્થિતિ તેમજ અન્ય નુકશાનીની વિગતો જિલ્લા કલેકટરશ્રીઓ પાસેથી મેળવી હતી.

રાજકોટ કલેકટર કચેરી ખાતે જિલ્લા પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ અને કલેકટર પ્રભવ જોશી તેમજ પ્રભારી સચિવશ્રી રાહુલ ગુપ્તાએ આનુસંગિક વિગતો પૂરી પાડી જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં કોઈ મોટી નુકસાની જોવા મળેલ નથી ૨૭૬ ગામોમાં વીજપુરવઠો ખોરવાયેલો હતો, જે પૈકી હાલ માત્ર ૯૦ ગામોમાં વીજ પુરવઠો બંધ છે જે યથાવત કરવામાં પી.જી.વી.સી.એલ.ની ટીમ કામે લાગી ગયેલ છે. આ ઉપરાંત ઝાડ પડવાની નુકસાની અંગે ૧૦૩ ટીમો દ્વારા સર્વે કરવામાં આવી રહ્યો છે.

કલેકટર કચેરી ખાતે સાંસદશ્રી રામભાઈ મોકરીયા, ધારાસભ્ય સર્વે રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદર, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરા, પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ, નિવાસી અધિક કલેક્ટર એસ.જે.ખાચર, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી સહિત વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે જિલ્લા પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલે પ્રશાસન તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાના પરિણામે મોટી નુકસાની થતી અટકાવવા બદલ તમામ સરકારી વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓનો આભાર માન્યો હતો.

# ઉમિયા સાગર ડેમના બે દરવાજા ખોલાયા : ગામોના લોકોને સાવચેત રહેવા, સ્થળાંતર કરાવવા મોડી રાત્રે વહીવટી તંત્રના અધિકારીઓ દોડી ગયા

રાજકોટ તા. ૧૭

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સીદસર ગામ પાસેનો ઉમિયા સાગર ડેમ સો ટકા ભરાઈ ગયો હોવાથી ડેમના બે દરવાજા સવારે ૫.૪૫ વાગ્યે ૦.૩૨૫ ફુટે ખોલવામાં આવ્યો છે. ડેમમાં હાલ ૨૭૪ના પ્રવાહની આવક છે આથી આ ડેમની હેઠવાસમાં આવેલા ઉપલેટા તાલુકાના હરિયાસણ, ચારેલીયા, ખારચીયા (શહીદ), રાજપરા, રબારીકા અને જાર ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી હતી,તેમજ આ ડેમની હેઠવાસમાં આવેલા ઉપલેટા તાલુકાના હરિયાસણ, ચારેલીયા, ખારચીયા (શહીદ), રાજપરા, રબારીકા અને જાળ ગામના નાગરિકોને સલામત રીતે સ્થળાંતર કરાવવા મામલતદાર એમ.ટી. ધનવાણી, તાલુકા વિકાસ અધિકારીશ્રી ભાવસિંહ બી પરમાર, પોલીસ અધિકારીઓ તથા સંબંધીત ગામના સરપંચો મોડી રાત્રે આ તમામ ગામોએ ધસી ગયા હતા. અને નાગરિકોને સ્થળાંતર કરાવી મોટી જાનહાની અટકાવી હતી

# ઉનાના ખત્રીવાડા ગામેથી સુરત શહેર વરાછા પોલીસ સ્ટેશનનાં આરોપીને ઝડપી લેતી ઉના પોલીસ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૧૭

પોલીસ મહાનિરીક્ષક એમ.એ.ચાવડા તથા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા ગીર-સોમનાથ તથા નાયબ પોલીસ અધિક્ષક વી.આર ખેંગારના માર્ગદર્શન હેઠળ ઉના પોલીસ સ્ટેશનના પીઆઈ એન.કે.ગોસ્વામીના માર્ગદર્શન તથા સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ સી.બી. જાડેજા, ડી.એમ. પરમાર, પી.એચ. રાયજાદા, ધર્મેન્દ્રસિંહ હરાજભાઈ, કનુભાઈ નાજાભાઈ, કૌશીકસિંહ અરશીભાઈ, વિજયભાઈ હાજાભાઈ, નલીનભાઈ બાલાભાઈ, રાહુલભાઈ નારણભાઈ વિગેરે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સુરત જીલ્લા વરાછા પો.સ્ટેના હત્યા કેસનો આરોપી હિમ્મતભાઈ જગુભાઈ શિયાળ રહે.ખત્રીવાડા ગામ વાળો હાલ ઉના ખત્રીવાડા ગામના બાપા સીતારામના ઓટા પાસે ઉભેલ છે તેવી હકીકત મળતા પોલીસે વોચ ગોઠવી આરોપીને ઝડપી લઈ સુરત જીલ્લાના વરાછા પોલીસ સ્ટેશને સોંપવામાં આવેલ છે.

# ઉનાના ગરાળ ગામેથી જાહેરમાં જુગાર રમતા આઠ જુગારીઓને ઝડપી પાડતી ઉના પોલીસ

(નિરવ ગઢીયા દ્વા) ઉના તા. ૧૭

ઉના તાલુકાનાં ગરાળ ગામે પોલીસે જુગાર અંગે દરોડો પાડતા ૮ શખ્સોને જુગારના સાહીત્ય તથા રોકડ રૂા. ૧૧,૧૫૦ ના જુગારના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.


# વિસાવદરમાં વરલી મટકાના જુગાર અંગે દરોડો

જૂનાગઢ તા. ૧૭ : વિસાવદર પોલીસે હનુમાન પરા પશુ દવાખાનાના પાછળના વિસ્તારમાંથી જગદીશભાઈ બાઘાભાઈ નામના શખ્સને રૂા.૨૦૬૦ની રોકડ સાથે વરલી મટકાના જુગાર અંગે ઝડપી લીધેલ છે.

# અસરગ્રસ્તો માટે ફૂડ પેકેટ તૈયાર કરવાની કામગીરી કરતાં ધોરાજી તાલુકા પંચાયત કર્મચારીઓ

રાજકોટ તા. ૧૭ : સંગઠનની શક્તિદ્વારા આપણે દરેક પરિસ્થિતિઓ ઉપર વિજય પ્રાપ્ત કરી શકીએ છીએ. બિપરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત થતાં જિલ્લાઓ ટોપ ટુ બોટમ સુદ્રઢ આયોજન સાથે કામગીરી કરી રહ્યા છે. ત્યારે સૌનો સાથ હોય તો આફતની શું વિસાત! એ વાક્યને સાર્થક કરી રહ્યું છે રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર. સંગઠનની શક્તિને અમલમાં મુકીને ધોરાજી તાલુકા પંચાયત કચેરીના કર્મચારીઓ દ્વારા શેલ્ટર હોમ ખાતે આશ્રિતો માટે સ્વંય ફૂડ પેકેટ તૈયાર કરીને સાચા અર્થમાં જનસેવક બનીને પોતાની ફરજ નિભાવી રહ્યા છે. તેમજ પારિવારિક ભાવના સાથે મહિલાઓ અને બાળકોની દેખભાળ પણ કરી રહ્યા છે.


**સિધ્ધ મ્યુઝીક કરાઓકે એકેડેમી**



જૂનાગઢમાં સહુ પ્રથમ લેડીઝ દ્વારા ચાલતા સંગીતનાં કલાસ...
શું આપ સંગીતનાં શોખીન છો ? આપને ગાવાનો શોખ છે. તો આવો આપણે સાથે મળીને સંગીતનાં સુર રેલાવીએ.
હિન્દી ફિલ્મોનાં ગીતો તથા અન્ય ગીતો કરાઓકે ટ્રેકમાં એકેડમીનાં સ્ટેજ ઉપર ગાવા મળશે. શ્રી હરીવાડી, શ્રી હાટકેશ હોસ્પીટલ પાસે જૂનાગઢ.
લીનાબેન ભટ્ટ
મો. ૯૦૩૩૯ ૧૨૪૯૩


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હૃદય સમા કાળવા ચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.



રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે



દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીંપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

વંદના બેકરી
તળાવ દરવાજા રોડ
સ્પે. પાઉ
સ્પે. બ્રેડ
સ્પે. નાનરોટી
રોજે રોજની તાજી મળશે

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

# વીજ ફોલ્ટ દૂર કરવા જૂનાગઢ પીજીવીસીએલ દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી




જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢ પીજીવીસીએલ દ્વારા વીજ ફોલ્ટ દૂર કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. ખામધ્રોલ બાયપાસ નજીક મોટું વૃક્ષ ધરાશાયી થવાથી જ્યોતિગ્રામ ફીડરને અસર પહોંચી હતી. જેથી ત્રણ ગામોનો વીજ પુરવઠો ખોરવાયો હતો. જેમાં તંત્ર દ્વારા ક્રેન સહિતના સાધનો દ્વારા ત્વરિત વૃક્ષોને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આમ, વીજ તંત્રની આ કામગીરીથી ખલીલપુર, વધાવી અને તલિયાધાર ગામમાં વીજ પુરવઠાને પુર્વવત કરવામાં આવ્યો હતો. પડી ગયેલા વૃક્ષ દૂર કરવામાં પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમન માટે પૂરતો સહયોગ મળ્યો હતો. જેથી પડી ગયેલા ઝાડ દૂર કરવાની અને વીજ પુરવઠો શરૂ કરવાની કામગીરી હાથ ધરવામાં સગવડ થઈ હતી. જૂનાગઢ જિલ્લામાં બિપરજોય વાવાઝોડાના પગલે અસર પામેલા વીજ લાઈનના સમારકામ માટે વીજ કર્મીઓ સતત રાત દિવસ કાર્યરત છે. જિલ્લામાં પીજીવીસીએલની ૧૨૦ જેટલી ટીમ વીજ પુરવઠો જળવાઈ રહે તે માટે જહેમત ઉઠાવી રહી છે, તેમ અધિક્ષક ઈજનેર બી.ડી. પરમારે જણાવ્યું હતું. આ સાથે તેમણે કહ્યુ કે, જિલ્લા સમાહર્તા અનિલકુમાર રાણાવસિયા આ બાબતે સતત માર્ગદર્શન આપી રહ્યા છે.

# બિપરજોય વાવાઝોડામાં ગીરના સિંહ સહિતના વન્ય પ્રાણીઓની સુરક્ષા માટે રાજ્ય સરકારના તકેદારીના પગલાઓ

## સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ સાસણ સિંહ સદન ખાતે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી



જૂનાગઢ, તા.૧૭

બિપરજોય વાવાઝોડામાં ગીરના સિંહ સહિતના વન્ય પ્રાણીઓની સુરક્ષા માટે રાજ્ય સરકારના વિવિધ પગલાંઓ લેવા માટે કાર્યરત છે. રાજ્યના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ બિપરજોય વાવાઝોડામાં ગીરના સિંહના વન્ય પ્રાણીઓની સુરક્ષા માટે લેવામાં આવેલા પગલાં સંદર્ભે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે સાસણ સિંહ સદન ખાતે બેઠક યોજી હતી. મંત્રીએ વાવાઝોડાના સમયમાં સમગ્રતયા ખાસ કરીને સિંહોના રેસક્યુ કામગીરી બાબતની વિગતો મેળવી હતી. વન વિભાગ દ્વારા વન વિભાગની જુદી-જુદી ટીમો દ્વારા કેવી રીતે સિંહો સહિતના વન્ય પ્રાણીઓ ઉપર મોનીટરીંગ- દેખરેખ માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી છે, તે જાણી હતી. મંત્રીએ આ સંદર્ભે ઘટતું કરવા અંગે માર્ગદર્શન અને જરૂરી સૂચનાઓ આપી હતી. સિંહોના સંવર્ધન અને પ્રોજેક્ટ લાયન વિશે પણ મંત્રીએ ચર્ચા કરી હતી. આ બેઠકમાં મંત્રીએ ગીરના નેસ વિસ્તારમાં વસતા માલધારીઓની ચિંતા કરતાં તેમની સલામતી માટે વન વિભાગ દ્વારા લેવામાં આવેલા પગલાંથી વાકેફ થયા હતા. મહત્વનું છે કે, ગીર પશ્ચિમ નેસ વિસ્તારના ૬ જેટલા સગર્ભા મહિલાઓને નજીકના દવાખાનામાં સ્થળાંતરિત કરવામાં આવ્યા હતાં. મંત્રીએ સિંહોના સંવર્ધન માટે અદ્યતન ટેકનોલોજીનો કેવી રીતે ઉપયોગ કરી શકાય તે માટે પણ પરામર્શ કર્યો હતો.મહત્વનું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ ગીરના સિંહની સુરક્ષા માટેના પગલાની જાણકારી મેળવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, વન વિભાગના વનપાલ ગાર્ડ, ટ્રેકર સહિતના કર્મયોગીઓ ફીલ્ડ ઉપર વન્ય પ્રાણીઓની સુરક્ષા માટે દેખરેખ રાખી રહ્યા છે. આ બાબતનો રિપોર્ટ પણ વન વિભાગના કંટ્રોલરૂમમાં વાયરલેસના માધ્યમથી કરવામાં આવી રહ્યો છે. આવશ્યકતા મુજબ સિંહ સહિતના વન્ય પ્રાણીઓના રેસક્યુ માટે વેટરનરી ડોક્ટર સહિતની ટીમ પણ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. સાસણ સિંહ સદન ખાતેની આ બેઠકમાં પ્રભારી સચિવ મનીષા ભારદ્વાજ, જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ, સીસીએફ આરાધના શાહુ, ડી.સી.એફ. મોહન રામ અને પ્રશાંત તોમર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# મેંદરડામાં ત્રણ ઘેટા મૃત્યુ પામતા પશુપાલકને રૂા.૯૦૦૦ની સહાય ચૂકવવામાં આવી



જૂનાગઢ, તા.૧૭

વાવાઝોડાની અસરને લીધે જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં ત્રણ ઘેટા મૃત્યુ પામ્યા હતા. સંવેદનશીલ રાજ્ય સરકાર દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. આ ઘટનાને ધ્યાને લઈ જિલ્લા પશુપાલન કચેરી દ્વારા પશુપાલકને ત્વરિત રૂા.૯,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવી હતી. મેંદરડા તાલુકાના મોટી ખોડીયાર ગામે રહેતા આશાભાઈ પાલાભાઈ મોરીના ત્રણ ઘેટા તા.૧૪ ના રોજ વાવાઝોડાની અસરથી મૃત્યુ પામ્યા હતા. રાજ્ય સરકારના પશુપાલન વિભાગ દ્વારા દુધાળા પશુ દીઠ રૂા.૩,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવે છે. જે અન્વયે આશાભાઈને મોટી ખોડીયાર ગામના સરપંચના હસ્તે રૂા.૯,૦૦૦ની સહાય ત્વરિત ચૂકવવામાં આવી હતી. તુરંત સહાય મળી રહેતા આશાભાઈએ રાજ્ય સરકારનો આભાર માન્યો હતો.

# રોગચાળો અટકાવવા આરોગ્ય વિભાગ દ્વારા કલોરિનેશન અને હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી કરવામાં આવી

## જીલ્લાના ૯ તાલુકામાં ૫૯ મેડિકલ ટીમોમાં ૭૮ મેડિકલ ઓફિસર ૧૯૮ પેરામેડિકલ સ્ટાફ અને ૪૯ એમ્બ્યુલન્સ દ્વારા આરોગ્ય લક્ષી કામગીરી પૂર જોશમાં

જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢ જિલ્લામાં વાવાઝોડાની અસરના લીધે છેલ્લા ત્રણ ચાર દિવસથી વરસાદ નોંધાયો છે ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા વરસાદની સ્થિતિને લીધે રોગચાળો થવાની સંભાવના છે. રોગચાળો થતો અટકાવવા આરોગ્ય વિભાગ દ્વારા કલોરિનેશન અને હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખના માર્ગદર્શન હેઠળ જિલ્લાના ૯ તાલુકામાં ૫૯ મેડિકલ ટીમોમાં ૭૮ મેડિકલ ઓફિસર ૧૯૮ પેરામેડિકલ સ્ટાફ અને ૪૯ એમ્બ્યુલન્સ દ્વારા આરોગ્ય લક્ષી કામગીરી પૂર જોશમાં કરવામાં આવી રહી છે. આરોગ્યની ટીમ દ્વારા ગામમાં પીવાના પાણીમાં કલોરીનેશન, કલોરીનેશન ટેસ્ટિંગ, હાઉસ ટુ હાઉસ આરોગ્ય લક્ષી સર્વ વેલન્સ, સગર્ભાઓની મુલાકાત, દરેક પેટા આરોગ્ય કેન્દ્ર ઉપર ઓપીડીની કામગીરી અવિરત પણે શરૂ છે. જૂનાગઢ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા લોકોને વાવાઝોડા બાદ સાવચેતીના પગલાં લેવા જાગૃત્ત કરવામાં આવી રહ્યા છે. જેમાં લોકોને ઉકાળેલું પાણી પીવા અને તાજો ખોરાક લેવા બાબતે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

# અંગ્રેજી ભવનમાં સેમેસ્ટર-૧ની પ્રથમ પ્રવેશ યાદીમાં આદીવાસી સમાજના વિદ્યાર્થીઓને અન્યાય થતા ભારે રોષ

## અંગ્રેજી ભવનમાં એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓના બંધારણીય અધિકારોનું ખુલ્લેઆમ હનન

રાજકોટ,તા.૧૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના વડા પ્રો.આર.બી. ઝાલા દ્વારા તાજેતરમાં એમ.એ. (અંગ્રેજી) સેમેસ્ટર-૧ની પ્રવેશ યાદી બહાર પાડવામાં આવી છે. કુલ ૬૦ બેઠકોમાં ૧૫% બેઠકો મેળવવાનો આદિવાસી સમાજના વિદ્યાર્થીઓનો બંધારણીય અધિકાર છે. એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓના ફાળે આવતી કુલ નવ બેઠકોમાંથી અંગ્રેજી ભવને માત્ર એક જ એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીને પ્રવેશ આપી અન્ય એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓને લટકતા મુકી તેના બંધારણીય અધિકારોનું ખુલ્લેઆમ હનન કર્યું છે. ભોગ બનેલાં કેટલાંક મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના વિદ્યાર્થીઓએ સૌ.યુનિ.ના એસ.સી., એસ.ટી. સેલના અગ્રણી અને હિન્દી ભવનના વડા પ્રો.બી.કે. કલાસવા સમક્ષ આક્રોશભરી રજુઆત કરી ન્યાય માટે માંગણી કરી છે. તા.૧૪-૬-૨૦૨૩ના રોજ અંગ્રેજી ભવનના વડાની ચેમ્બરમાં અધ્યક્ષ પ્રો.આર.બી. ઝાલા, પૂર્વ અધ્યક્ષ અને પ્રો.આર.બી. ઝાલાના ગુરૂ પ્રો. કમલ મહેતા તેમજ સૌ.યુનિ. એસ.સી.એસ.ટી. સેલના અગ્રણી પ્રો. બી.કે. કલાસવા સહિતના લોકોની મળેલી એક ખાસ બેઠકમાં અંગ્રેજી ભવનના સેમેસ્ટર-૧ની પ્રવેશ પ્રક્રિયામાં થયેલા મોટા પાયે ગરબડ બાબતે ઢાંક પીછોડો કેવી રીતે કરવો તેની ગહન ચર્ચા કરવામાં આવી હતી. તાજેતરમાં જ અંગ્રેજી ભવનના ભરતી કૌભાંડ વખતે ખુદ સીન્ડીકેટ સભ્યોને આ પ્રકિયા શંકાસ્પદ જણાતા તેને બહાલી આપવાને મુદ્દે જ હાથ ઉંચા કરી દીધા છે અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની મંજુરી લઈને જ ભરતી પ્રક્રિયા ગ્રાહ્ય રાખવાનો ઐતિહાસિક ઠરાવ સિન્ડિકેટની બેઠકમાં કરેલ છે. તેમજ એસ. ટી. કેટેગરીમા હાઈએસ્ટ એકેડેમીક સ્કોર ધરાવતા પ્રો.અનસુયાબેન ચૌધરીએ અંગ્રેજી ભવનની ભરતી પ્રક્રિયામાં તેમને ભારે અન્યાય થયેલ છે તેની આધાર પુરાવા સાથેની લેખિત રજુઆતો ઉચ્ચ કક્ષાએ કરેલ છે. ખૂબજ તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા ડો.અનસુયાબેન ચૌધરીને અંગ્રેજી ભવનમાં ભરતી બાબતે થયેલ અન્યાયની તપાસ ખાનગી રાહે ઉચ્ચ કક્ષાએ હાલ ચાલુ છે ત્યારે જ આદિવાસી સમાજના કેટલાંક વિદ્યાર્થીઓની પ્રથમ ૬૦ વિદ્યાર્થીઓની પ્રવેશ યાદીમાંથી બાદબાકી કરી તેના બંધારણીય અધિકારો ઉપર તરાપ મારવાની ઘટના સામે આવી છે. વંચિત આદિવાસી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા સિવાય અંગ્રેજી ભવનના વડા પ્રો. આર. બી. ઝાલા પાસે હવે બીજો કોઈ વિકલ્પ નથી માટે આ દિશામાં ત્વરિત કાર્યવાહી કરવામાં આવે તે માટે કુલપતિ ડો. ગીરીશભાઈ ભીમાણી ભવનના વડા આર. બી. ઝાલાને આદેશ આપે તે જરૂરી છે.હિન્દી ભવનના વડા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એસ. સી. એસ. ટી. સેલના સિનિયર મેમ્બર પ્રો. બી. કે. કલાસવા પણ અંગ્રેજી ભવનના રાજકિય મોટું પીઠબળ ધરાવતા અગ્રણી અધ્યાપકો એવા પ્રો. આર. બી. ઝાલા (એ.બી.વી.પી.), પ્રો. કમલ હરગોવિંદભાઈ મહેતા (શૈક્ષીક મહાસંઘ) અને પ્રો. સંજય મુખરજી (શૈક્ષીક મહાસંઘ)ની સહેજ પણ શરમ આવ્યા વગર આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને સત્તાધીશો સમક્ષ રજૂઆત કરી ન્યાય અપાવે તેવી લોકલાગણી છે.

## દસક્રોઈ તાલુકાના ગીરમથા ગામે

# સ્વ. શાંતિલાલ દવે પરિવારના ઉગતાના પોરના શ્રી મેલડી માંનો દ્વિતીય નવચંડી યજ્ઞ આયોજાયો



અમદાવાદ, તા.૧૭ : અમદાવાદથી ૨૦કિ.મી દૂર આવેલ દસક્રોઈ તાલુકાના ગીરમથા ગામે સ્વ.શાંતિલાલ દવેના પરિવાર ના ઉગતાના પોરના શ્રી મેલડી માંનો દ્વિતીય નવચંડી યજ્ઞનું આયોજન તેમના દીકરા મહેન્દ્રભાઈ, ગીરીશભાઈ, અશોકભાઈ, સુધીરભાઈ, જગદીશભાઈ, ગણપતમામા, રાજુમામા તેમજ ગીરીશકુમાર દવે દ્વારા આયોજન કરવામાં આવ્યું. જેમાં નવરંગી સાડીઓ અને ચૂંદલડીથી વિશેષ શુશોભન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય તરીકે રાકેશભાઈ શ્રીમાળી અને વીસેસ મહેમાન તરીકે હસમુખદાસબાપુ (ચિત્રોડ મંદિર ગાદી પતિ) અને બજરંગ આશ્રમ ના મહંત શ્રી સુખદેવ બાપુ ઉપસ્થિત રહેલ અને અનેક ભાવિક ભક્તોએ માતાજીના દર્શન કરી ભંડારનો પ્રસાદ ગ્રહણ કરેલ.

# ડિજીટલ ગુજરાતના નિર્માણ ક્ષેત્રે ગુજરાત પોલીસનું વધુ એક નક્કર કદમ



જૂનાગઢ, તા.૧૭

VISWAS Projec અંતર્ગત સમગ્ર રાજયમાં તમામ જિલ્લાના મુખ્ય મથકો, ૬-પવિત્ર યાત્રાધામો અને સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા મળી કુલ ૪૧-શહેરોમાં ટ્રાફિક જંકશન એન્ટ્રી-એકિઝટ પોઈન્ટ અને અન્ય વ્યુહાત્મક સ્થળોએ ૭૦૦૦થી વધુ CCTV કેમેરા લગાવી, સબંધિત જિલ્લાના NETRAM સાથે પોઈન્ટ ટુ પોઈન્ટ ફાઈબર કનેક્ટીવીટીથી જોડી દીધા છે. તમામ જિલ્લાઓના 'NETRAMને ગાંધીનગર સ્થિત TRINETRA: Integrated Command & Control Centre (i3C) સાથે integrate કરવામાં આવ્યા છે. હવે VISWAS Projec અંતર્ગતના તમામ જિલ્લાઓમાં One Nation One Challan System કાર્યરત કરી દેવામાં આવી છે.

વિશ્વાસ પ્રોજેકટ ટાસ્ક ફોર્સના ચેરમેન અને એડીશનલ ડી.જી.પી નરસિંહા કોમરે આ અંગે વિગતો આપતા કહ્યું કે, રાજયના તમામ જિલ્લાઓમાં ટ્રાફીક નિયમોના ભંગ ઉપર નિયંત્રણ લાવવા તેમજ નાગરિકોમાં ટ્રાફીક નિયમો અને માર્ગ સુરક્ષા અંગે જાગૃતતા ફેલાય તે માટે વાહન માલિકને ટ્રાફીક નિયમોના ઉલ્લંઘન બદલ VISWAS Project હેઠળ તમામ જિલ્લાઓમાં તા. ૧૫/૦૨/૨૦૨૦થી e-Challan જારી કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. હવેથી રાજયમાં VISWAS Project હેઠળ તમામ જિલ્લાઓમાં One Nation One Challan System મારફતે વાહન માલિકને e-Challan જારી કરવાની કામગીરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, તા.૧૩/૦૬/૨૦૨૩ પહેલાં ઈસ્યુ કરવામાં આવેલા e-Challan સામે માંડવાળ રકમ ચુકવવા માટે Online Portal: https://echallanpayment.gujarat.gov.in W...h Credit Card/Debit Card/Internet Banking /UPIથી online paymen કરવાની સુવિધા ઉપલબ્ધ છે. તેમજ offline paymen (રોકડમાં) માટે જિલ્લાઓમાં નિયત કરાયેલ પોલીસ સ્ટેશનો ખાતે તેમજ જિલ્લાના NETRAM ખાતે over the counter payment facility ઉભી કરવામાં આવી છે. તા.૧૩/૦૬/૨૦૨૩ પછી ઈસ્યુ કરવામાં આવેલા e-Challan સામે માંડવાળ રકમ ચુકવવા માટે Online Portal: https://echallan.parivahan.gov.in ઉપર Credit Card/Debit Card/Internet Banking/UPI વિગેરેથી online payment કરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. કોઈ પણ વાહન માલિક Offline Payment (રોકડમાં) કરવા માંગતા હોય તો તેઓ સંબંધિત જીલ્લાના NETRAM ખાતે ઉભી કરવામાં આવેલી over the counter payment facility નો ઉપયોગ કરીને રોકડમાં ચુકવણી કરી શકશે. સંબંધિત જીલ્લાના પોલીસ સ્ટેશન અથવા અન્ય જીલ્લાના NETRAM ખાતે રોકડમાં ચૂકવણી થઈ શકશે નહી.

તેમણે ઉમેર્યુ કે, One Nation One Challan જીઅજીદ્ર મારફતે જનરેટ થયેલ e-Challanની જાણકારી System મારફતે જ વાહન માલિકના મોબાઈલ નંબર ઉપર SMSથી આપવામાં આવશે. આ ઉપરાંત, જનરેટ થયેલ e-Challan Speed Post મારફતે વાહન માલિકના સરનામે પણ મોકલવામાં આવશે. e-Challanની સામે માંડવાળ રકમ ૯૦-દિવસમાં ચુકવવામાં નહી આવે તો તે e-Challan આપમેળે Virtual Courtમાં મોકલવામાં આવશે.

One Nation One Challan System માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય, ભારત સરકારના 'VAHAN' (database of vehicle registration numbers) અને 'SARTHI' (database of driving licenses) સાથે integrate થયેલ છે. ટ્રાફિક પોલીસ અને પ્રાદેશિક પરિવહન કાર્યાલય (RTO) એક જ પ્લેટફોર્મ One Nation One Challan System ઉપર કાર્યરત હોવાથી ડેટાની અખંડિતતા, વિશ્વસનીયતા અને પારદર્શિતા જળવાઈ રહે છે તેમજ વાહન માલિકો દ્વારા વાહનોની નોંધણી, માલીકના નામમાં ફેરબદલ કરવા, Registration Certificateમાં ફેરબદલ કે ડેટા અદ્યતન કરાવવા, NOC, fitness certificate, permits તેમજ અન્ય કામગીરી માટે જ્યારે પ્રાદેશિક પરિવહન કાર્યાલય મુલાકાત લેવાની થશે ત્યારે તે વાહન સામે ઈસ્યુ થયેલ e-Challan ની ચુકવણી નહીં કરેલ હોય તો પ્રાદેશિક પરિવહન કાર્યાલયના અધિકારી દ્વારા તે બાબતે પ્રથમ ચુકવણીનો આગ્રહ રાખવામાં આવશે અને ત્યારબાદ જ પ્રાદેશિક પરિવહન કાર્યાલય દ્વારા વાહન સબંધિત સેવાની અરજીનો નિકાલ થશે. તેમણે કહ્યું કે, VISWAS Project અંતર્ગત લગાવવામાં આવેલ CCTV Camera ના વિડીયો ફીડ રાજયની પોલીસને ગુન્હા શોધવામાં ખુબ જ મદદરૂપ થઈ રહી છે. પોલીસ દ્વારા હીટ એન્ડ રનના કેસ, માર્ગ અકસ્માત, અપહરણ, ગુમ થયેલ વ્યક્તિ કે ચીજવસ્તુઓના કેસ, ચોરી, લુંટ, ધાડ, ચીલ ઝડપ કેસો શોધવામાં તેમજ ગુન્હા બાદની તપાસમાં સીસીટીવી કેમેરાના વિડીયો ફીડની મદદ લેવામાં આવે છે. VISWAS Projecના અમલીકરણ બાદ અત્યાર સુધીમાં રાજયમાં આ પ્રકારના ૫૫૦૦થી વધુ કેસો શોધવામાં મદદ મળી છે.

# રાજ્યભરમાં આગામી ૩૦ દિવસમાં એક કરોડથી વધુ બાળકોની મફત આરોગ્ય તપાસ કરાશે

## બાળકોની બુદ્ધિ-વિકાસ-પોષણની સ્થિતિનું નિરીક્ષણ કરવા ડિજિટલ હેલ્થ કાર્ડ પણ આપવામાં આવશે

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત સરકારે 'શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' (SHRBSK) હેઠળ રાજયના બાળકો માટે મફત આરોગ્ય તપાસ અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાન આગામી ૩૦ દિવસ સુધી સઘન રીતે ચલાવવામાં આવશે, જેમાં રાજ્ય સરકારે ૧ કરોડથી વધુ બાળકોની મફત આરોગ્ય તપાસનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. SHRBSK એ કેન્દ્ર અને રાજ્યનો સંયુક્ત કાર્યક્રમ છે, જે અંતર્ગત આંગણવાડીના બાળકો, નવજાતથી ૬ વર્ષ સુધીના બાળકો, પ્રાથમિક શાળાના બાળકો, માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને ૧૮ વર્ષ સુધીના શાળાએ ન જનાર બાળકોની પણ રાજ્ય સરકાર દ્વારા મફત આરોગ્ય તપાસ કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત 'શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' (SHRBSK) અમલીકરણમાં સમગ્ર દેશમાં અગ્રણી રાજ્ય છે. આ ઝૂંબેશને સફળ બનાવવા માટે શાળા આરોગ્ય કાર્યક્રમની ૯૯૨ મોબાઈલ હેલ્થ ટીમ (એક મોબાઈલ હેલ્થ ટીમમાં ડોક્ટરો, ફાર્માસિસ્ટ અને હેલ્થ વર્કરનો સમાવેશ થાય છે) રાજયની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની તપાસ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ અભિયાન દરમ્યાન બીમાર જણાયેલા બાળકોને રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા હોસ્પિટલો, મેડિકલ કોલેજો સાથે સંલગ્ન હોસ્પિટલો અને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલો જેવી સરકારી આરોગ્ય સંસ્થાઓમાં મફત સારવાર આપવામાં આવે છે. ગુજરાતની શાળાઓમાં ભણતા બાળકોના બુદ્ધિ-વિકાસ અને પોષણની સ્થિતિનું નિરીક્ષણ કરવા માટે રાજ્ય સરકારે ડિજિટલ હેલ્થ કાર્ડ આપવાનો પણ નિર્ણય કર્યો છે. આ હેલ્થ કાર્ડમાં બાળકોની ઊંચાઈ, એનિમિયાનું સ્તર, પોષણનું સ્તર વગેરેની માહિતી ઉપલબ્ધ થશે. રાજ્ય સરકાર SHRBSK મોબાઈલ હેલ્થ ટીમ, સામૂહિક આરોગ્ય અધિકારી અને શાળાના નોડલ શિક્ષક સાથે



સંકલન કરશે અને આ ડિજિટલ હેલ્થ કાર્ડમાં બાળકોની આરોગ્ય માહિતીને અપડેટ કરશે. આ ડિજિટલ હેલ્થ કાર્ડ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે પણ ઉપલબ્ધ રહેશે. નોંધનીય છે કે, શાળાના બાળકોના બુદ્ધિ વિકાસ અને પોષણની સ્થિતિનું નિરીક્ષણ કરવા માટે ડિજિટલ હેલ્થ કાર્ડ જારી કરનાર ગુજરાત દેશનું પ્રથમ અને એકમાત્ર રાજ્ય છે. એટલું જ નહીં, આ ઝૂંબેશ દરમ્યાન શાળાના નોડલ શિક્ષક અને સામૂહિક આરોગ્ય અધિકારી એકબીજા સાથે સંકલન કરશે અને તમામ વિદ્યાર્થીઓના આભા (ABHA) આઈડી એટલે કે આયુષ્માન ભારત આરોગ્ય ખાતાને લગતા કાર્યોને સંપાદિત કરશે. એક અનોખી પહેલ કરીને ગુજરાત સરકારે હવેથી માર્કશીટ એટલે કે સ્ટુડન્ટ રિપોર્ટ કાર્ડમાં ગ્રેડની સાથે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય રિપોર્ટ વિશેની માહિતી ઉપલબ્ધ કરાવવાનું નક્કી કર્યું છે. આ વર્ષથી દર ત્રણ મહિને શાળાના બાળકોની આરોગ્ય તપાસ કરવાનું આયોજન છે, ત્યારબાદ વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાના રિપોર્ટ કાર્ડમાં તેમના છેલ્લા હેલ્થ રિપોર્ટનો ઉલ્લેખ કરવામાં આવશે. આ પહેલને સફળ બનાવવા આરોગ્ય વિભાગ અને શિક્ષણ વિભાગ દ્વારા ડેટા ઈન્ટિગ્રેશનની કામગીરી શરૂ કરવામાં આવી છે.

# હજુ લડાઈ સમાપ્ત થઈ નથી : કેનેડાથી દેશનિકાલ ઉપર રોક લગાવાયા બાદ ફસાયેલા વિદ્યાર્થીઓની પ્રતિક્રિયા

(એજન્સી) તા.૧૭

કેનેડામાં દેશનિકાલ અથવા બળજબરીથી પરત મોકલવાનો વિરોધ કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓને રાહત મળી છે. એવા અહેવાલ છે કે, લવપ્રીત સિંહ નામના વિદ્યાર્થી વિરૂધ્ધ શરૂ કરવામાં આવેલી કાર્યવાહીને આગામધ્ આદેશ સુધી મોકૂફ રાખવામાં આવી છે. કેનેડિયન બોર્ડર સર્વિસ એજન્સીએ સિંહને ૧૩ જૂન સુધીમાં કેનેડા છોડવાનો આદેશ આપ્યો હતો, ત્યારબાદ ટોરોન્ટોમાં વિદ્યાર્થીઓએ વિરોધ કરવાનું શરૂ કર્યું હતું. આ નિર્ણય સામે આવ્યા બાદ એક જાણીતા મીડિયા સાથેની વાતચીતમાં એક વિદ્યાર્થી લવપ્રીત સિંહે કહ્યું હતું કે આ નિર્ણય સકારાત્મક છે અને દેખાવો હજુ પણ ચાલુ રખાશે. તેણે કહ્યું કે હું આ નિર્ણયથી પોઝિટિવ છું પણ હું ત્યાં સુધી આ લડાઈ બંધ નહીં કરૂ જયાં સુધી આ સંકટ ટળી નહીં જાય અને અમને દેશનિકાલ કરવાનો નિર્ણય પાછો ન લઈ લેવામાં આવે. અમારી લડાઈ ત્યાં સુધી ચાલુ જ રહેશે. ઉલ્લેખનીય છે કે આમ આદમી પાર્ટીના સાંસદ વિક્રમજીત સિંહ સાહનીએ કહ્યું કે, કેનેડાની સરકારે હાલ માટે ૭૦૦ ભારતીય વિદ્યાર્થીઓના દેશનિકાલને રોકવાનો નિર્ણય લીધો છે. બનાવટી દસ્તાવેજોના કારણે લગભગ ૭૦૦ વિદ્યાર્થીઓને દેશનિકાલની ધમકીનો સામનો કરવો પડી રહ્યો હતો. સાહનીએ કહ્યું, અમે તેમને પત્ર લખીને સમજાવ્યું કે આ વિદ્યાર્થીઓએ કોઈ છેતરપિંડી કરી નથી. તેઓ છેતરપિંડીનો ભોગ બન્યા છે કારણ કે કેટલાક અનધિકૃત એજન્ટોએ તેમને નકલી પ્રવેશ પત્રો અને ચુકવણીની રસીદો આપી છે. વિઝા અરજીઓ ચકાસણી વગર કરવામાં આવી હતી. જ્યારે બાળકો ત્યાં પહોંચ્યા તો ઈમિગ્રેશને પણ તેમને આવવા દીધા હતા. આ રીતે અમારા પ્રયત્નો અને ભારતીય હાયકમાન્ડના હસ્તાક્ષેપ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# ભારત ૯ વર્ષમાં વિશ્વની સૌથી મોટી કનેક્ટેડ લોકશાહી બની ગયું છે : PM

નવી દિલ્હી, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, તેમની સરકારના નવ વર્ષ દરમ્યાન ટેક્નોલોજીએ લોકોના જીવનમાં કાર્યક્ષમતા અને સગવડતા લાવી છે અને ડિજિટલી સશકત ભારતના નિર્માણમાં મદદ કરી રહી છે. એક ટ્વિટમાં, તેમણે કહ્યું, ભારતે શાસનમાં ક્રાંતિ લાવવા અને સર્વિસ ડિલિવરીમાં ઉત્થાન માટે ટેક્નોલોજી અપનાવી છે. મોદીએ વિકાસ માટેના ૯ વર્ષ તકનીક ઉપર લેખો અને વીડિયો શેર કર્યા છે. ૨૦૧૪ પહેલા, શિક્ષણમાં અસમાનતા, સાંસ્કૃતિક અસમાનતા, વિકલાંગતા અથવા શીખવાની સમસ્યાઓ જેવા પરિબળોને લીધે ભારત ડિજિટલ વિભાજનથી નોંધપાત્ર રીતે પીડાય છે. સામાજિકઆર્થિક અને ભૌગોલિક પરિબળોએ ભારતમાં આ વિભાજનને વધુ તીવ્ર બનાવ્યું. મોદીની આગેવાની હેઠળની સરકાર ૨૦૧૪માં સુશાસન અને સૌના વિકાસના વચન સાથે સત્તામાં આવી હતી. જાહેર સેવા વિતરણ માટે ઈ-ગવર્નન્સને આધારસ્તંભ બનાવવામાં આવ્યો હતો. ડિજિટલાઈઝ્ડ ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે, ૨૦૧૫માં ડિજિટલ ઈન્ડિયા પહેલ શરૂ કરવામાં આવી હતી. સરકારે અનેક પથદર્શક યોજનાઓ હાથ ધરી. આવું જ એક પગલું હતું JAM ટ્રિનિટી, આધાર કાર્ડને જન ધન ખાતાઓ સાથે લિંક કરવાનું. આ નવા બેંક ખાતાઓ મોબાઈલ નંબર અને આધાર બંને સાથે જોડાયેલા હતા, જેનાથી જન ધન-આધાર-મોબાઈલ અથવા JAM ટ્રિનિટી બનાવવામાં આવી હતી. આ ડિજીટલ નેટવર્ક લીકેજ વગર લાભાર્થીના ખાતામાં ભંડોળના સીધા ટ્રાન્સફરને સક્ષમ કરે છે. આ નવ વર્ષોમાં, ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં ઈન્ટરનેટ સબસ્ક્રિપ્શનમાં ૧૫૦ ટકાનો વધારો થયો છે. કોમન સર્વિસ સેન્ટર્સ (CSC)એ ડિજિટલ મોડ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં મુખ્ય સરકારી અને વ્યવસાયિક સેવાઓને સુલભ બનાવી છે. અત્યાર સુધીમાં, સમગ્ર દેશમાં ૫.૨૧ લાખ CSC કાર્યરત છે (શહેરી અને ગ્રામીણ વિસ્તારો સહિત), જેમાંથી ૪.૧૪ લાખ CSC ગ્રામ પંચાયત સ્તરે કાર્યરત છે, દસ્તાવેજો દર્શાવે છે. બીજી સેવા કે જે ડિજિટલ વિભાજનને પૂર્ણ કરવામાં કામ કરે છે તે છે DigiLocker, જે વપરાશકર્તાઓને કોઈપણ પ્રમાણપત્રો અને દસ્તાવેજોને ડિજિટલ રીતે શેર કરવા અને એક્સેસ કરવાની મંજૂરી આપે છે. UMANGએ બીજું એક સ્ટોપ પ્લેટફોર્મ છે જે કેન્દ્રથી લઈને સ્થાનિક સરકારી સંસ્થાઓ સુધીની સમગ્ર ભારતમાં ઈ-ગવર્નિંગ સેવાઓ પ્રદાન કરે છે. ઉમંગ ઉપર ૧૬૬૮થી વધુ ઈ-સેવાઓ અને ૨૦,૧૯૭થી વધુ બિલ ચુકવણી સેવાઓ ઉપલબ્ધ છે અને એપ ઉપર ૩૫૮ કરોડથી વધુ ટ્રાન્ઝેક્શન થયા છે. ગવર્નન્સ-કેન્દ્રિત સહભાગી પ્લેટફોર્મ સ્અર્દ્દ પાસે ત્રણ કરોડથી વધુ નોંધાયેલા વપરાશકર્તાઓ છે. ભારત જેવા વસ્તીવાળા દેશને ડિજિટલ રીતે સશક્ત બનાવવું પડકારજનક રહ્યું છે. આ હોવા છતાં, સરકાર ડિજિટલ વિભાજનને દૂર કરવામાં અને ભારતને મોટા પ્રમાણમાં ટેક્નોલોજી સુધી પહોંચવામાં વધુ સમાન બનાવવામાં સફળ રહી હતી. હવે, ભારત વિશ્વની સૌથી મોટી કનેક્ટેડ લોકશાહી છે, જેમાં ૮૦ કરોડથી વધુ વસ્તી ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. ભારતીય અવકાશ બજારે છેલ્લા કેટલાક વર્ષોમાં ઘાતાંકીય વૃદ્ધિનો અનુભવ કર્યો છે. છેલ્લા નવ વર્ષમાં ૩૮૮ વિદેશી ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા છે.

રોકાણકારો ભારતીય સ્પેસ સ્ટાર્ટઅપ્સમાં લાખો USD ઠાલવી રહ્યા છે, સ્ટાર્ટ-અપ્સ દ્વારા તકનીકી નવીનતાઓને ઓળખવા, વિકસાવવા અને પ્રોત્સાહન આપવા માટે ૨૦૧૪થી બહુવિધ કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે, જે તેમને ભારતમાં ખાનગી રોકાણો અને રોજગાર સર્જન વધારવામાં સક્ષમ બનાવે છે.

# CoWin ડેટા લીક પછી હવે ગુજરાતમાં આવું જોખમ હોઈ શકે છે

અમદાવાદ તા.૧૭

ગુજરાત સરકારે વિદ્યાર્થી સંગઠન માટે તેમના જ્ઞાનાત્મક અને વિકાસને ટ્રેક કરવા માટે ડિજિટલ હેલ્થ કાર્ડ બનાવવાની પહેલ કરી છે. જો કે, તાજેતરના સમયમાં CoWin ડેટાના ભંગ સાથે આ વિકાસને જોડવાથી નવી 'આપત્તિ' આવી શકે છે. IANSના અહેવાલ મુજબ, ગુજરાત સરકાર તેના શાળા આરોગ્યરાષ્ટ્રીય બાળ આરોગ્ય કાર્યક્રમ (SHRBSK) હેઠળ આ પહેલ શરૂ કરવા માંગે છે. આ કાર્યક્રમને ૧૨ જૂનના રોજ લીલીઝંડી આપવામાં આવી હતી, કારણ કે, વર્તમાન ભાજપ સરકાર આગામી ૩૦ દિવસોમાં એક કરોડથી વધુ શાળાના બાળકોની આરોગ્ય તપાસ કરવાની યોજના ધરાવે છે. એનિમિયા, કૂપોષણ, ચામડીના રોગો, શીખવાની અક્ષમતા, વિકાસમાં વિલંબ અને અન્ય બીમારીઓ જેવી બીમારીઓનું નિદાન કરવાની સાથે વિદ્યાર્થીઓને મફત આરોગ્ય તપાસની ઓફર કરવા માટે આ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો છે. આ પ્રોગ્રામ 'ફ્લેક્સ'ની એક મુખ્ય વિશેષતા એ તેના 'ડિજિટલ હેલ્થ કાર્ડ' છે જે એનિમિયાનું સ્તર, ઊંચાઈ અને પોષણની સ્થિતિ જેવા પરિમાણોની સમજ પ્રદાન કરશે. આ વિગતો નોડલ શિક્ષકો અને સામુદાયિક આરોગ્ય અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીના વ્યક્તિગત આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ (ABHA) IDમાં સંગ્રહિત કરવામાં આવશે. આ ખાતાઓ DHC દ્વારા વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા બંને દ્વારા એક્સેસિબલ હશે. આ કેન્દ્ર-રાજ્ય પહેલ CoWin ડેટા ભંગના પગલે કરવામાં આવી છે જેના લીધે લાખો ભારતીયોની વ્યક્તિગત માહિતી જોખમમાં છે. બેંગ્લુરૂ સ્થિત ડિજિટલ થ્રેટ એનાલિસિસ કંપની કલાઉડસેકના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર રાહુલ સાસીએ જણાવ્યું હતું કે, કેટલાક આરોગ્ય કર્મચારીઓના ઓળખપત્રોના ડેટા સાથે ચેડાં કરવામાં આવ્યા હતા. આ હેલ્થ કાડ્ર્સની રજૂઆત સાથે એક સમાન પેટર્ન જોઈ શકાય છે જેમાં આંતરિક વ્યક્તિગત માહિતી એકત્રિત કરવામાં આવશે અને તેની એક શરત અનુસાર, બાળકનો ત્રિમાસિક આરોગ્ય અહેવાલ તેમની માર્કશીટ સાથે જોડવામાં આવશે. આવા ડેટા ભંગ વર્તમાન કેન્દ્ર સરકાર માટે નવી વાત નથી, કારણ કે, CoWin પહેલા આવા સમાન ઉલ્લંઘનો બે અલગ-અલગ પ્રસંગોએ નોંધવામાં આવ્યા હતા. સૌથી તાજેતરનું સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નોંધવામાં આવ્યું હતું, ૨૦૨૨માં ૭.૯ મિલિયન કાર્ડધારકોએ તેમના ખાતાની ગોપનીયતા ડેટા ભંગમાં ગુમાવી હતી. બીજી ૨૦૧૮માં આધારકાર્ડ ધારકોના ડેટા ભંગને કારણે અબજો ભારતીયોની ઓળખની ગોપનીયતા જોખમમાં આવી હતી. આવા સંજોગોમાં મોદીનું ડિજિટલ ઈન્ડિયા પસંદગી દ્વારા નહીં પણ આદેશ દ્વારા બનાવવામાં આવ્યું છે એવું લાગે છે.

# શિક્ષણ અને સરકારી નોકરીઓમાં ટ્રાન્સજેન્ડરો માટે અલગ અનામત મુશ્કેલ : મહારાષ્ટ્ર સરકારની બોમ્બે હાઈકોર્ટમાં રજૂઆત

મુંબઈ, તા.૧૭

મહારાષ્ટ્ર સરકારે જણાવ્યું છે કે, ટ્રાન્સજેન્ડર ઉમેદવારો માટે શિક્ષણ અને સરકારી ક્ષેત્રે અલગથી અનામત આપવી મુશ્કેલ હશે રાજ્ય સરકારે બોમ્બે હાઈકોર્ટને ૧૩ જૂન, ૨૦૨૩ના રોજ ઉમેદવારો માટે અલગ આરક્ષણ આપવાની મુશ્કેલી અંગે જાણ કરી. આ મામલાની સુનાવણી કાર્યકારી ચીફ જસ્ટિસ નીતિન જામદાર અને બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ સંદીપ માર્ને કરી. સરકાર વતી હાજર થયેલા એડવોકેટ જનરલ બિરેન્દ્ર સરાફે જણાવ્યું હતું કે, ટ્રાન્સજેન્ડર ઉમેદવારો માટે વધારાની અનામત રચના કરીને રાજ્ય અનામત ઉપરના ૫૦ટકા માર્કનો ભંગ કરશે જે સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત કરવામાં આવ્યા છે. મે ૨૦૨૩માં જારી કરવામાં આવેલ મહાટ્રાન્સકો માટેની ભરતીની જાહેરાતમાં ફેરફાર માટે અરજી દાખલ કરવામાં આવ્યા પછી ટ્રાન્સજેન્ડરો માટે આરક્ષણનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. અરજીમાં ટ્રાન્સજેન્ડરોને ભરતી અભિયાનમાં સામેલ કરવાની માંગ કરવામાં આવી હતી. અરજદારના વકીલ એલસી ક્રાંતિએ કર્ણાટક સરકાર દ્વારા તમામ જાતિ અને શ્રેણીઓના ટ્રાન્સજેન્ડરો માટે રજૂ કરાયેલ ૧ ટકા અનામત નીતિ રજૂ કરી હતી અને મહારાષ્ટ્રને સમાન નીતિ લાગુ કરવા દબાણ કર્યું. અગાઉ માર્ચ ૨૦૨૩માં મહારાષ્ટ્ર સરકારે રોજગાર અને શિક્ષણ ક્ષેત્રોમાં ટ્રાન્સજેન્ડરોની ભરતી ઉપર ધ્યાન આપવા માટે એક સરકારી ઠરાવ બહાર પાડ્યો હતો. ઠરાવમાં વધુમાં ઉમેર્યું હતું કે, સામાજિક ન્યાય વિભાગ હેઠળ ૧૪ સભ્યોની એક નિષ્ણાત સમિતિનો સમાવેશ કરવામાં આવશે. આ સમિતિમાં મુખ્યત્વે રાજ્ય સરકારના વિવિધ વિભાગોના સચિવો અને મનોવૈજ્ઞાનિકોનો સમાવેશ થાય છે.

### બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા

# નારાયણ સાંઈ દ્વારા દાખલ કરવામાં આવેલી ફર્લો રજાની અરજીને ગુજરાત હાઈકોર્ટે ફગાવી

નારાયણ સાંઈ દ્વારા દાખલ કરવામાં આવેલી ફર્લો રજાની અરજીને ગુજરાત હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ, તા.૧૭


બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા સ્વઘોષિત ગોડમેન નારાયણ સાંઈ દ્વારા દાખલ કરવામાં આવેલી ફર્લો રજાની અરજીને ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. જસ્ટિસ નિશા ઠાકોરે પોતાના ચુકાદામાં અવલોકન કર્યું હતું કે, દોષિતો સાથે માનવીય વર્તન કરતી વખતે સમાજ પ્રત્યે ક્રૂરતામાં પરિણમતું નથી તે બાબત પણ ધ્યાનમાં લેવી જરૂરી છે. જો તેને ફર્લોમાંથી મુક્ત કરવામાં આવશે તો તે સમાજ માટે જોખમી હશે.

સાંઈની અરજી ફગાવી દેતા અદાલતે વધુમાં નોંધ લીધી હતી કે જો આવા ગુના માટે દોષિત ઠરેલ હોય તો તેને ફર્લો ઉપર છોડી દેવામાં આવે છે, તો તેની કોઈ ગેરંટી નથી કે તે મુકત થતાંની સાથે જ તે સમાન પ્રવૃત્તિમાં સામેલ થશે નહીં. આથી તે સુધરશે કે સમાજ તેની ગુનાહિત પ્રવૃત્તિથી મુક્ત રહેશે તેની કોઈ ખાતરી નથી. માત્ર દંડ સુધારણા અને માનવીય બાબતની વિચારણાને ધ્યાનમાં રાખીને તેને ફર્લો ઉપર મુક્ત કરવો તે સમાજ માટે જોખમી છે. સુરતની લાજપોર જેલ ઓથોરિટી દ્વારા ફર્લો રજાની અરજી ફગાવી દેવામાં આવતાં સાંઈએ અરજી દાખલ કરી હતી. કોર્ટે તેના આદેશમાં જેલમાં રહીને તેના ગુનાહિત વર્તનની નોંધ આદેશમાં કરી હતી. કોર્ટે નોંધ્યું હતું કે, ૬ ઓકટોબર, ૨૦૧૩ના રોજ સાંઈ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી હતી અને ત્યારબાદ ૧૬ ઓકટોબરે, સાંઈના કહેવા ઉપર તેના સાધકોએ તપાસ અધિકારીને મારી નાખવાની ધમકી આપી હતી, જે઼ઓ સુરતના ડેપ્યુટી પોલીસ કમિશ્નર હતા. ૧૬/૧૦/૨૦૧૩ના રોજ IOને સાધક (શિષ્ય) હોવાનો દાવો કરતી વ્યક્તિનો ફોન આવ્યો હતો અને તેણે ધમકી આપી હતી કે જો તે FIR પછી ભાગી રહેલા નારાયણ સાંઈની શોધ ચાલુ રાખશે તો તેને મારી નાખવામાં આવશે. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ફરિયાદી અને તેના પતિ ઉપર ઘાતક હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ બાબતે ફરિયાદ થઈ હતી. એક તબક્કે આવો આક્ષેપ એવો હતો કે, અરજદાર (સાંઈ)એ ફરિયાદીના પતિ અને અન્ય સાક્ષીઓને ધમકી આપી હતી. સાંઈની અરજીનો વિરોધ કરતા પોલીસ દ્વારા લગભગ ત્રણ અન્ય ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે જ્યાં અરજદાર સાથે જોડાયેલા વ્યક્તિઓ વિરુદ્ધ ત્રણ અલગ-અલગ એફઆઈઆર નોંધવામાં આવી છે. મોટાભાગના આરોપો શારીરિક હુમલા સાથે સંબંધિત છે. ટ્રાયલ દરમ્યાન સાક્ષીઓને ધમકાવવામાં આવ્યા હોવાનું રેકોર્ડ ઉપર આવ્યું છે. આ અદાલત દ્વારા અસંખ્ય ઉશ્કેરણીજનક ઘટનાઓ નોંધવામાં આવી છે. અદાલતે વધુમાં નોંધ્યું કર્યું કે, જેલની અંદર પણ તેણે સતત શિસ્તનો અભાવ દર્શાવ્યો છે, હકીકતમાં તેના જેલના વર્તનમાં નોંધાયેલી એક ઘટના સૂચવે છે કે, તેણે જેલના કેદીઓને તેમની માંગ પૂરી કરવા માટે જેલની અંદર વિરોધ કરવા માટે આગેવાની લીધી હતી અને ઉશ્કેર્યા હતા. સાંઈએ કામચલાઉ જામીન ઉપર છૂટવા માટે નકલી તબીબી પ્રમાણપત્ર બનાવ્યું હતું.

# બિપરજોય ચોમાસાના પ્રવાહથી છૂટું પડ્યું, વરસાદ ઉપર અસર નહીં થાય

નવી દિલ્હી, તા.૧૭

અરબ સાગરમાં અતિ ગંભીર સાયક્લોન કેટેગરીમાં પ્રવેશી ગયેલા 'બિપોરજોય' અંગે હવામાન વિભાગે ગુજરાતમાં હાઈએલર્ટ જાહેર કર્યું છે. આ વાવાઝોડાંને કારણે જ ભારતમાં ચોમાસાનું આગમન પણ મોડું થયું છે ત્યારે ચોમાસાને લઈને એક રાહતના સમાચાર આવ્યા છે. ભારતના હવામાન વિભાગ (આઈએમડી)નું કહેવું છે કે બિપોરજોય વાવાઝોડું ચોમાસાના પ્રવાહથી એકદમ છૂટું પડી ગયું છે એટલે કે હવે વરસાદ સર્જવા માટેની જરૂરી સિસ્ટમ કે પછી તેની કામગીરી પર કોઈ પ્રતિકૂળ અસર નહીં જોવા મળે. દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા હવામાન વિભાગના વડા મૃત્યુંજન મહાપાત્રાએ કહ્યું હતું કે બિપોરજોય વાવાઝોડાંએ અરબ સાગરમાં ભૂમધ્ય રેખા ઉપર પ્રવાહ વધારીને દ્વીપકલ્પના દક્ષિણ ભાગોમાં ચોમાસાને આગળ વધારવામાં મદદ કરી છે. તેમણે કહ્યું હતું કે હવે તે ચોમાસુ તેના પ્રવાહથી સંપૂર્ણપણે અલગ થઈ ગયું છે. હવે એવી કોઈ મોટી શક્યતા નથી કે આ સાયક્લોન ચોમાસાની ગતિ અથવા



કામગીરીને મોટા પાયે અસર કરશે. ચોમાસું તેના સામાન્ય સમયપત્રકના લગભગ એક અઠવાડિયા પછી ૮ જૂને ભારતમાં કેરળ પહોંચ્યું હતું. રિસર્ચમાં જાણવા મળ્યું છે કે કેરળમાં ચોમાસાની વિલંબથી ઉત્તરપશ્ચિમ ભારતમાં ચોમાસાની શરૂઆતમાં વિલંબ થાય તે જરૂરી નથી. એટલા માટે શક્યતઃ વરસાદ ઉપર ખાસ મોટી અસર પડે તેમ નથી. વૈજ્ઞાનિકોએ અગાઉ કહ્યું હતું કે સાયકલોને ભેજ અને સંવહન ખેંચ્યંઅ છે અને તેના કારણે તે ચોમાસાની તીવ્રતાને અસર કરી છે, આમ કેરળમાં ચોમાસાના વરસાદમાં વિલંબ થયો છે.

# બિપરજોય વાવાઝોડાને લઈ વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી મોકૂફ

## ખેડૂતો પાસેથી સીધી ખરીદી માટે વધુ એક માસ મુદત લંબાવાઈ

ગાંધીનગર, તા.૧૭

'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ'ની ઉજવણીના ભાગરૂપે ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવી માર્કેટીંગ સીઝન ૨૦૨૩-૨૪માં ગુજરાત સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ઉનાળુ બાજરી, જુવાર, રાગી અને મકાઈની ખરીદી કરવામાં આવી રહી છે. આ જણસીની ખરીદી માટેનો સમયગાળો અગાઉ તા.૧૫ જૂન-૨૦૨૩ સુધી નિયત કરવામાં આવ્યો હતો. પરંતુ રાજ્યમાં વાવાઝોડાની વર્તમાન સ્થિતિને ધ્યાને રાખીને ખેડૂતોના હિતમાં આ મુદત આગામી તા. ૧૫ જુલાઈ-૨૦૨૩ એટલે કે વધુ એક માસ સુધી લંબાવવામાં આવી છે. આ ઉપરાંત સમગ્ર રાજયમાં હાલ બિપરજોય વાવાઝોડાના કારણે ઉત્પન્ન થનાર સંભવિત પરિસ્થિતિને ધ્યાને રાખીને રાજ્યના તમામ ખરીદ કેન્દ્રો અને ગોડાઉનો ઉપર લઘુત્તમ ટેકાના ભાવે ઉનાળુ બાજરી, જુવાર, રાગી અને મકાઈની ખરીદી તા. ૧૪ જૂન-૨૦૨૩થી અન્ય સૂચના ન મળે ત્યાં સુધી ખેડૂતોના હિતમાં હાલ પુરતી મોકૂફ રાખવામાં આવી છે. વધુમાં રાજયમાં પરિસ્થિતિ અનૂકુળ થયેથી નિયત પદ્ધતિ મુજબ ટેકાના ભાવે રાબેતા મુજબ વિવિધ કેન્દ્રો પર ખરીદી શરૂ કરવામાં આવશે, જેની તમામ ખેડૂત ખાતેદારોએ નોંધ લેવા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# માંગરોળમાં બિપરજોય વાવાઝોડાથી ફાયબર ઉદ્યોગમાં ભારે નુકસાન





## ફાયબર કંપનીઓને લાખોનું નુકસાન : હજારોની રોજગારી ઉપર પ્રશ્નાર્થ

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૧૭

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે બિપરજોય વાવાઝોડાની વ્યાપક અસર જોવા મળી રહી છે. વાવાઝોડુ જયારે કચ્છના કીનારે બિપરજોય લેન્ડફોલ થઈ રહ્યું હતું ત્યારે માંગરોળમાં ૮૦થી ૮૫ કીમીની ઝડપે પવન ફૂંકાયો હતો. જેના કારણે લોકોમાં ભય જોવા મળી રહ્યો હતો. આખી રાત ભારે પવનના ઝોટાઓથી ભયાનક અવાજો સંભળાવા લાગ્યા હતા. ભારે પવનથી માંગરોળ પંથકમાં વ્યાપક તારાજી સર્જાઈ છે. માંગરોળમા ખાસ ફાયબર ઉદ્યોગમાં વિનાશ વેર્યો છે. આ સાથે માંગરોળમાં ઠેર ઠેર નાળિયેરના ઝાડો પણ પડી ગયા છે. માંગરોળમાં એંસી જેટલી નાની મોટી ફાયબર કંપનીઓ આવેલી છે. જેમા નાની હોડીઓથી માંડીને મોટી ફાયબરની બોટો બને છે. માંગરોળમા બનતી ફાયબરની બોટો આજે પૂરા દેશમાં પ્રચલિત બની છે. અહી બનતી બોટોની ફિનિશિંગ અને ટેકનોલોજીની દેશભરમાં સારી એવી માગ પણ છે. અહી ગુજરાતના બંદરો ઉપરાંત, કેરાલા, મદ્રાસ અને સાઉથ ઈન્ડિયનથી છેક કન્યાકુમારી સુધીના માછીમારો માંગરોળમાં બોટો બનાવવા આવે છે. માંગરોળના ફાયબર ઉદ્યોગ સાથે હિન્દુ-મુસ્લિમ બંને સમાજના લોકો જોડાયેલા છે. જેના થકી અહી હજારો લોકો રોજગારી મેળવી રહ્યા છે. છેલ્લા ત્રણ ચાર વર્ષથી આર્થિક મંદીમાં સપડાઈ આ ઉદ્યોગ મંદ પડી ગયો હતો ત્યાં પડતા ઉપર પાટૂની જેમ માથે બિપરજોયની આફતે ભારે નુકશાન વેતરી કમર તોડી નાખી છે. બિપરજોય વાવાઝોડના કારણે અહીંના ફાયબર કંપનીઓમાં ઠેર ઠેર મોટું નુકસાન થયું હોવાનું જણાઈ આવે છે. બોટ બનાવવા માટેના લાખો રૂપિયાના ફર્માઓ હવામાં ઊંધા માથે પટકાતા ભાંગીને ભુક્કો થઈ ગયા છે. અનેક કંપનીઓમાં વ્યાપક નુકસાન જોવા મળી રહ્યું છે. આ બાબતે સર્વે કરવા પછી જ નુકસાનીનો સાચો આંકડો સામે આવશે. હાલ ફાયબર ઉદ્યોગમાં બિપરજોય વાવાઝોડાથી લાખોનું નુકસાન થયું હોવાનું જણાઈ આવે છે. જેના માટે તંત્ર તાત્કાલિક અસરથી સર્વે કરી મદદરૂપ થાય તેવી માંગણી ઉઠવા પામી છે.

# કિયારા અડવાણી બોલીવુડ અભિનેત્રી વિમલ હેલ્થી ઓઈલ્સની નવી બ્રાન્ડ એમ્બેસેડર

## કિયારા અડવાણી અભિનીત નવા કેમ્પેન સાથે વિમલ ઓઈલ્સ હેલ્થ એન્ડ હેપ્પીનેસના ૩૦ વર્ષની ઉજવણી કરી રહ્યું છે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૭

વિમલ હેલ્થી ઓઈલ બ્રાન્ડ, કેજે આ વર્ષે તેની ૩૦મી વર્ષગાંઠ પણ ઉજવી રહ્યું છે, ત્યારે બોલીવુડ અભિનેત્રી કિયારા અડવાણીને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે લઈને નવા ૩૬૦ ડિગ્રીએડ અભિયાનનો શુભારંભ કરશે.કિયારા વિમલ હેલ્થી ઓઈલના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પ્રતિનિધિત્વ કરવા માટે અત્યંત ઉત્સાહિત છે. જ્યારે કિયારા અડવાણીને આ લોકપ્રિય બ્રાન્ડ સાથે જોડાવા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, કે હું વિમલ ઓઈલ સાથે જોડાઈને ખૂબ જ ખુશ છું. હું અત્યંત કિટ છું અને હેલ્થ પ્રત્યે સજાગ છું. હું હંમેશા વિચારતી હતી કે માત્ર થોડા જ તેલ એવા છે જેને આરોગ્યપ્રદ તરીકે ગણવામાં આવે છે પરંતુ, વિમલ સાથે જોડાયા પછી, મેં તેની ન્યુટ્રિશન રીટેન્શન ટેકનોલોજી (NRT)ને જાણી અને સમજી છે અને હકીકત એ છે કે આપણે આપણા ખાધતેલને સમયસર બદલવાથી આપણને શ્રેષ્ઠ પોષણ અને આરોગ્ય મળે છે. આ બાબત સૌએ સમજવા જેવી છે અને હું ઈચ્છું છું કે દરેક વ્યક્તિ આ બાબત અપનાવે.

ફિટ અને હેલ્થી રહેવાની ગ્રાહકોની અવિરત વધતી જતી જાગૃતિ અને માંગને કારણે, વિમલ હેલ્થી ઓઈલ્સ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત ગ્રાહકો માટે યોગ્ય પસંદ છે. કિયારા અડવાણી ના બ્રાન્ડ સાથેના જોડાણથી ખાધતેલ માર્કેટમાં વિમલ ઓઈલ બ્રાન્ડને આગવી ઓળખ આપશે. વિમલ ઓઈલ બ્રાન્ડની ઓળખને મજબુત કરવા માટે કિયારા યોગ્ય છે કારણ કે તે યુવાન છે, સ્વાસ્થ્ય પ્રત્યે અત્યંત જાગૃત છે, ઘરેલું છે અને દેશના ઘરઘરમાં અત્યંત લોકપ્રિય છે.

૧૯૯૩માં શરૂ થયેલ વિમલ ઓઈલ, ખાધ તેલોની સૌથી વિશાળ શ્રેણી ધરાવે છે. જેમા વિમલ રિફાઈન્ડ કપાસિયા તેલ, વિમલ પ્યોર ગોલ્ડ રીફાઈન્ડ અને ફિલ્ટર્ડ સીંગતેલ, વિમલ તીખા કચ્ચી ધાણી સરસવનું તેલ, વિમલ સોયાર્ટિ સોયાબીન તેલ, વિમલ સનહાર્ટ સનફ્લાવર તેલ, વિમલ કોર્નલાઈક કોર્ન તેલ અને વિમલ રાઈસ બ્રાન તેલનો સમાવેશ થાય છે. આ વિવિધતા સભર ખાધતેલોની વિશાળ શ્રેણીથી વિમલ ઓઈલ ખાધતેલ માર્કેટમાં આગવી ઓળખ ધરાવે છે.




વિમલ હેલ્થી ઓઈલની સંપૂર્ણ શ્રેણી ન્યુટ્રીશન રીટેન્શન ટેકનોલોજીના (NRT) ઉપયોગ સાથે ઉત્કૃષ્ટ રીતે ઉત્પાદિત કરવામાં આવે છે આ ટેકનોલોજી દ્વારા ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન તેલમાં ન્યુટ્રીશન ની મહત્તમ માત્રા જળવાઈ રહે છે અને પ્રોસેસ દરમ્યાન ચોકસાઈ રાખવામાં આવે છે કે એના તાપમાન,પ્રેશર, વેક્યૂમ અને ટાઈમના પેરામીટર તેલમાં વધુમાં વધું ન્યુટ્રીશન જળવાઈ રહે. વર્ષોનો અનુભવ અને ઉચ્ચતમ ટેકનોલોજી, વિમલ ઓઈલ બ્રાન્ડને વિશ્વસનીય અને સ્વાસ્થ્યપ્રદ ખાધતેલ બ્રાન્ડ બનાવવાના મુખ્ય પરિબળ છે.

વિમલ હેલ્થી ઓઈલ 'બદલતા રહો, સ્વસ્થ રહો', "ચેન્જ ફોર હેલ્થ" અભિયાનના પ્રણેતા રહ્યા છે. જેમાં લોકોને મહિને-બે મહિને ખાધતેલ બદલતાં રહેવા પર મહત્વ આપેલ છે. કારણ કે કોઈપણ એક ખાધતેલમાં શરીરના સ્વસ્થ વિકાસ માટે તમામ આવશ્યક વિટામિન્સ અને ન્યુટ્રીશન નથી હોતા તેથી, આપણે શરીરના હેલ્થી ગ્રોથ માટે ખાધતેલ બદલતા રાખવાનું ચાલુ રાખવું જોઈએ. અને વિમલ પાસે હેલ્થી ઓઈલ્સની પસંદગીના વિકલ્પો માટેની સૌથી વિરાળ શ્રેણી છે.

ખાધતેલોમાં ફેટ ઉપરાંત વિટામિન્સના વિવિધ સ્રોત છે જેમાં એન્ટીઓકિસડન્ટ અને સ્વાસ્થ્ય જાળવણી માટે ખૂબ જ જરૂરી ન્યુટ્રીશન જેમ કે ઓમેગાસ, ઓરાયઝનોલ, ટોકોફેરોલ્સ વગેરે નો સમાવેશ થાય છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રીશન (NIN) એ પણ ફેટી એસિડ્સ, વિટામિન્સ, એન્ટીઓકિસડન્ટ અને ઓમેગાસનું અનુકૂળ મિશ્રણથી મહત્તમ સ્વાસ્થ્ય લાભો મેળવવા માટે વિવિધ ખાધતેલને અપનાવવાની અને સમયસર બદલતા રહેવાની ભલામણ કરી છે. ગુજરાત રાજય થી શરૂ થયેલી વિમલ ઓઈલની આ ૩૦ વર્ષની સફર હવે પશ્ચિમ, મધ્ય, ઉત્તર અને ઉત્તરપૂર્વ ભારત સાથે, ૨૧ થી વધુ રાજ્યોમાં વિસ્તરી રહી છે અને હજી પણ વિસ્તરણની વિકાસયાત્રા નવા રાજ્યો તરફ આગળ વધી રહી છે. સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત ગ્રાહકોની માંગને સંતોષવા માટે વિમલ લાઈટ ટેબલ સ્પ્રેડ અને હેલ્થી સ્નેક્સની વિશાળ શ્રેણી પણ ઉપલબ્ધ કરાવી છે. આ ઉપરાંત વિમલ ઓઈલ્સ હવે "કોલ્ડપ્રેસ્ડ" અને વુડપ્રેસ્ડ ખાધતેલની વિશિષ્ટ સ્વાસ્થ્યપ્રદ શ્રેણી માર્કેટમાં ટૂંક સમયમાં ઉપલબ્ધ કરાવશે. કિયારા, વિમલ બ્રાન્ડનો નવો ચહેરો હોવાથી, દેશની યુવા પેઢી સાથે જોડાઈને વિમલ બ્રાન્ડ વધુ અધતન અને વધુ લોકપ્રિય બનશે. "વિમલ ઓઈલ બ્રાન્ડ"નું લક્ષ્ય "હેલ્થ અને ફિટનેસ" બાબતે કોઈ જ સમાધાન ન કરતા ગ્રાહકોની ફેવરીટ બ્રાન્ડ તરીકે આગવી ઓળખ મેળવવાનું છે. વિમલ હેલ્થી ઓઈલ્સની સૌથી વિશાળ શ્રેણીમાંથી કુકીંગ ઓઈલ બદલતા રહો અને સ્વસ્થ રહો, જીવનભર.

# જૂનાગઢમાં મહંત ગોસાઈ ડાડા હીરાપુરીજી સિંધ સુતીયારે વાળાનો વરસી ઉત્સવ યોજાશે

જૂનાગઢ, તા.૧૭ : જૂનાગઢમાં ૧૦૦૮ મહંત ગોસાઈ ડાડા ભખતપુરીજીના આશીર્વાદથી ૧૦૦૮ મહંતગોસાઈ ડાડા હીરા પુરીજી સિંધ સુતીયારે વાળાનો વરસી ઉત્સવ તા.૧૯ને સોમવારે આદર્શ નગર ૧ ઝુલેલાલ મંદિરે યોજાશે. કાર્યક્રમ અંતર્ગત સવારે પૂજા, અર્ચના, શ્રીમદ ભગવત ગીતાજીનો અખંડ પાઠ સાહેબ ત્યારબાદ સાંજે ૬ કલાકે ભોગ સાહેબ પૂર્ણાહુતિ, સત્સંગ કીર્તન, આરતી, રાત્રે ૮ કલાકે ઉત્તમભાઈ ઝુલેલાલ મ્યુઝિક ગ્રુપ રાજકોટનો પ્રોગ્રામ અને શાંતિ પ્રકાશ હોલ ખાતે ભંડારો અને રાત્રિના ૧૦:૩૦ વાગ્યે પલ્લવ પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત ગુરૂપૂર્ણિમાના દિવસે દિવસભર વિવિધ કાર્યક્રમો દ્વારા ગુરૂપૂર્ણિમા મહોત્સવ પણ ઉજવવામાં આવશે જેમાં તમામ સેવકો અને ભાવિકોને ઉપસ્થિત રહેવા યાદીમાં જણાવાયું છે.

## કોડીનારમાં વાવાઝોડું લેન્ડફોલ થતાં

## ૪૦ થી ૫૦ની ઝડપે પવન ફૂંકાયો, દરીયાકાંઠે કુલ ૧૦ મકાનો ધરાશાઈ,૧૭માં નુકસાન,૧ પશુનું મૃત્યુ



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૭

ગુજરાત ના દરીયા કાંઠે બિપરજોય વાવાઝોડું ત્રાટકતા તેની અસરરૂપે કોડીનારમાં પણ ભારે પવન ફૂંકાવાની સાથે એક ઈંચ વરસાદ પડ્યો હતો. બિપરજોયવાવાઝોડું ગુજરાતના દરીયા કાંઠે લેન્ડફોલ થતાંની સાથે જ કોડીનારના દરીયામાં ભારે કરન્ટ સાથે મહાકાય મોજા ઉછળતા દરીયા થપાટના કારણે દરીયા કાંઠાના ૧૦ મકાનો ધરાશાઈ થયા હતા. જ્યારે ૧૭ મકાનોમાં નુકસાન થવાની સાથે એક અબોલ પશુનું મૃત્યુ થયું હોવાનું તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું.આ ઉપરાંત રાત્રિના ૪૦ થી ૫૦ની ઝડપે પવન ફૂંકાવાની સાથે વરસાદ શરૂ થતાં કોડીનાર અમરેલી રોડ ઉપર આવેલ પોલીસ ક્વાટર પાસે વર્ષો જૂનું મહાકાય વૃક્ષ ધરાશાઈ થતાં વાહન વ્યવહાર બંધ થઈ જતાં નગરપાલિકા તંત્ર અને રાજમોતી હેલ્પલાઈન ગ્રુપ દ્વારા ૩ કલાકની ભારે જહેમત બાદ રસ્તો પૂર્વવત કરાયો હતો. આ સિવાય અન્ય ત્રણથી ચાર ઠેકાણે નાના મોટા વૃક્ષો અને ૪ થી ૫ વીજપોલ ધરાશાઈ થયા હોવાનું જાણવા મળી રહ્યું છે.આજે સમગ્ર દિવસ દરમ્યાન પણ ભારે પવન સાથે વરસાદી ઝાપટાં ચાલુ રહ્યા હતા. બિપરજોય વાવાઝોડાના પગલે સલામતી અને સાવચેતીના ભાગરૂપે તંત્ર દ્વારા દરીયા કાંઠા વિસ્તારમાંથી ૪૧૦ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું હતું તેમજ શહેરના ઝુપડપટી વિસ્તારમાંથી ૭૨૧ લોકોનું નગરપાલિકા અને રાજમોતી પરિવાર દ્વારા નગરપાલિકા આવાસ અને કોમ્યુનિટી હોલમાં તત્કાળ સ્થળાંતર કરાયું હતું. જયારે આ પૈકી ૧૫ સગર્ભા મહિલાઓને કોડીનાર સરકારી હોસ્પિટલ ખાતે સ્થળાંતરીત કરી સલામત કરાઈ હતી. પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી અને શિવાભાઈ સોલંકીના રાજમોતી ગ્રુપ દ્વારા ૧૫૦૦ જેટલા ફૂડ પેકેટ કરી વિતરણ કરવામાં આવ્યા હતા.

# જૂનાગઢની જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલની બ્લડ બેન્ક ખાતે બિપરજોય વાવાઝોડાના કારણે સાદગી પૂર્વક રક્તદાન દિવસની ઉજવણી

## ગિરનારી ગ્રુપ દ્વારા વિશ્વ રક્તદાન દિવસ નિમિત્તે રક્તદાતાઓનોનું કરાયેલું સન્માન

જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢ જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ બ્લડ બેન્કના ઈન્ચાર્જ ડો.ભાવિન પઢારીયાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, તારીખ ૧૪/૬/૨૩ ને બુધવારના રોજ વિશ્વ રક્તદાન દિવસ હોય અને આ દિવસે જૂનાગઢની જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના બ્લડ બેન્ક વિભાગમાં સેન્ટ્રલ જી.એસ.ટી. વિભાગના સાગરકુમાર પાટીલ, હદવાણી અનિલભાઈ, ચિત્રોડા ધનજીભાઈ, સિંધવ માનસૂરભાઈ, વાસીંગા હબીબભાઈ, ગોહિલ અનામતસિંહભાઈ, ગોહિલ સાગરભાઈ, સહિત અનેક લોકોએ પોતાનું રક્તનું દાન કરેલ હતું. રક્તદાતાઓને પ્રોત્સાહન મળે અને અન્ય લોકોને રકતદાન કરવા અંગેની પ્રેરણા મળે એવા હેતુથી ગિરનારી ગ્રુપના સહયોગથી ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપીને એમને સન્માનિત કરવામાં આવ્યા હતા. જયારે જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ અને હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો.નયના લકુમ દ્વારા તમામ રક્ત દાતાઓને દર ત્રણ મહિને રક્તદાન કરવા અંગેનું માર્ગદર્શન અને વિસ્તૃતિકરણ માહિતી પૂરી પાડવામાં આવેલ હતી. આ સહકાર્યમાં બ્લડબેંકના ડો.હિરેન મુંડિયા, ડો.શ્રુતિ, ડો.ખુશ્બુ, સંજય બુહેચા, મનીષાભાઈ સાંગાણી,



હેમાંગીબેન, પ્રકૃતિબેન, ટપુભાઈ સહિત ગિરનારી ગ્રુપના સમીરભાઈ દતાણી, કે. કે. ગોસાઈ, સમીરભાઈ દવે, મનહરશીભાઈ ઝાલા, અભિજીતભાઈ દવે સહિતના લોકો સહભાગી થયેલ હતા. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# એક પિતાની વ્યથા માંથી જન્મેલું 'વાત્સલ્ય' આજે અનેક માતાપિતા માટે સધિયારો

ઉસ્માનભાઈ વોરાએ પોતાના બાળકની પીડા જોઈ ૫ બાળકોથી શરૂ કરેલ દિવ્યાંગ કેરમાં આજે ૪૦ મનોદિવ્યાંગ બાળકો ઉસ્માનભાઈ વોરા પિતા સમાન પ્રેમ નો લાભ લઈ રહ્યા છે. માતાની સંવેદના હોય - વેદના પણ હોય પણ પિતા ? પિતા વ્યવસ્થામાં હોય અથવા વ્યથામાં હોય. એક મનોદિવ્યાંગ બાળકના પિતાની વ્યથામાંથી અનેક માતાપિતા માટે એક વ્યવસ્થાનો જન્મ આપ્યો. આજે "ફાધર્સ ડે" નિમિત્તે એવા એક પિતાની વાત જાણીએ..ગુજરાતના પશ્ચિમ તટના છેવાડાના તાલુકા ઉનાને અડીને ભારતનું પશ્ચિમ કાંઠાનું અંતિમ કેન્દ્રશાસિત પ્રદેશ દીવ. દીવમાં પાણીની મોટર, ટાંકીઓ અને સેનેટરી વસ્તુઓની દુકાન ચલાવતા ઉસ્માનભાઈ વોરાના ઘરે ત્રીજા બાળકનો જન્મ થયો છે. પરિવારમાં ખુશીનો માહોલ છે. નિયતિની કોઈને ખબર નથી. સામાન્ય બાળક જેવા જ દેખાતા આ બાળકમાં પ્રારંભમાં ત્રણ વર્ષ સુધી કોઈને ખ્યાલ નથી આવતો કે આ બાળકમાં શું ખામી છે ? બસ એટલું બધા વિચારે છે કે બાળક બહુ નબળું છે, જોઈએ તેવો વિકાસ થયો નથી.

એક દિવસ ઉનાના ડોકટરને બતાવ્યું પછી તો આ સિલસિલો ચાલું થયો. એક પછી એક ડોક્ટર, રાજકોટ, અમદાવાદ પણ કોઈ ડોકટર ખુલીને વાત નથી કરતું. બાળકની મુશ્કેલીઓ દિનપ્રતિદિન વધતી જાય છે. ઉનાના જ એક ડોક્ટર સાથે ઉસ્માનભાઈને થોડો ઘરેબો એટલે તેઓને ફાઈલો બતાવીને તે ડોકટરે સાચું કહી દીધું કે આ બાળક માનસિક રીતે અલ્પવિકસિત છે અને એ આજીવન રહેશે! ઉસ્માનભાઈ માટે આ એક હૃદયવેધક સમય હતો. હવે શું કરવું ? પણ નિયતિ ઉસ્માનભાઈ માટે કશુંક મોટું કશુંક ઈમાનદાર વિચારતી હતી.

ઉસ્માનભાઈને વાંચનનો શોખ અને પુસ્તકાલયમાં જાય. એકવાર કોઈ સામયિકમાં રાજકોટની 'સ્નેહ નીર્ઝર' સંસ્થા વિષે વાંચ્યું જે મનોદિવ્યાંગ બાળકો માટેની જ સંસ્થા હતી. તેઓ ઉપડ્યા ત્યાં અને બાળક માટે રાજકોટ સેટલ થવા સુધીની તૈયારી બતાવી પણ સંસ્થાના વડા નાનાલાલ કાનાબારે તેમને દીવમાં જ આ રીતે કેન્દ્ર શરૂ કરવા સૂચવ્યું અને વિશેષ માર્ગદર્શન આપ્યું. બસ, પછી તો એક પિતા બીજા અનેક મનોદિવ્યાંગ બાળકોના પિતાના રાહબર બન્યા અને એક સંસ્થાએ જન્મ લીધો. સૌ પ્રથમ જોડાયા આલ્બર્ટભાઈ અને હસમુખભાઈ જેના દીકરા મનોદિવ્યાંગ હતા. પછી તો અનેક લોકો જોડાયા. એક બંધારણ બન્યું અને કલેકટરને રજુઆત કરી. દીવ કલેકટર દ્વારા સૌ પ્રથમ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં જગ્યા મળે છે. ત્યારબાદ સ્વતંત્ર જગ્યા પણ મળે છે અને આજે આ એક વેદના વિચાર બને છે અને વિચાર 'વાત્સલ્ય' સંસ્થાના રૂપે પરિણામે છે.

ઉસ્માનભાઈ ઉમેરે છે કે, આ સંસ્થાને આકાર આપવા માટે દીવના સેવાભાવી ડો.ડી.એસ. કામલીયાનાં માર્ગદર્શન અને સહયોગથી કેટલીય કાયદાકીય મંજુરીઓ મેળવવી. આ બધું કરતા કરતા બસ એક જ વાત મગજમાં હતી કે મારા સંતાનની જેમ અન્યના પણ દિવ્યાંગ બાળક આજીવન મુશ્કેલીમાં ન પડે એ






માટે હું બધી દોડધામ કરૂ છું પણ ઉદ્દેશ એવો છે કે આ મારા સંતાને મને જીવવા માટે એક ઉદ્દેશ અને સેવાભાવના આપી. અત્યારે આ સંસ્થામાં ૧૫ સભ્યો છે, ૪૦ મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ છે. દરેક માટે ડે -કેરમાં ૯ થી ૫ વાગ્યા સુધીની સુવિધા છે. ૧૫ વ્યક્તિનો સ્ટાફ છે. જેમાં વિશેષ તાલીમબદ્ધ શિક્ષકો છે. આ બધાને ખર્ચને કઈ રીતે પહોંચી વળાય છે એ માટે ઉસ્માનભાઈ કહે છે કે એક દિવસનો જમવાનો ખર્ચ ત્રણ હજાર દાન સ્વરૂપે મળે છે. દીવના અને વિદેશ વસતા દાતાઓ ઉદાર હાથે દાન દેવા માટે જોડાયેલા છે.

જ્યારે આ ડે-કેર સેન્ટરમાં આવનારા બાળકો વિશે પૂછ્યું ત્યારે તેઓએ જણાવ્યું કે અહી ૫ થી લઈને ૩૫ વર્ષા સુધીના બાળકો ચાર કેટેગરીમાં આવે છે. જેમાં અલગ અલગ આઈ ક્યુ પ્રમાણે તેમને વિભાજિત કરવામાં આવે છે. દરેક માટે અલગ અલગ વિભાગ છે. સૌથી ઓછા આઈ ક્યુ વાળા બાળકો પોતાની રીતે રોજીંદી જરૂરીયાત જેમકે જમતાં કે કપડાં પહેરતાં શીખે એ પ્રાથમિકતા હોય છે. કોઈ સંગીત શીખે છે તો કોઈને રોજગારલક્ષી તાલીમ આપવામાં આવે છે. સમાજ તો ઠીક પરંતુ જન્મદાતા એવા માતા-પિતા માટે પણ જે મનોદિવ્યાંગ બાળક અનેક નકારાત્મક વિચારોનું કેન્દ્ર બની જાય છે એવા બાળકોને ઉસ્માનભાઈ તથા આ સંસ્થા પાલક બનીને એમને જિંદગી જીવતા કરે છે. બસ આજ સાચી સેવા છે.

(ફાધર ડે સ્પેશિયલ સ્ટોરી - અલ્તાફ મુગલ,કોડીનાર)

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં બિપરજોય વાવાઝોડાને પગલે સર્જાયેલી સ્થિતિની જિલ્લા વહીવટી તંત્ર સાથે સમીક્ષા કરી

**અસરગ્રસ્તોને આગામી ત્રણ દિવસમાં કેશડોલ રોકડમાં ચૂકવી દેવા મુખ્યમંત્રીની સૂચના : વાવાઝોડાની અસરથી પડી ગયેલાં વૃક્ષોની સામે બમણાં વૃક્ષો વાવી, ગ્રીન કવર જાળવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો અનુરોધ નુકસાનગ્રસ્ત વીજ થાંભલાઓનું પ્રાયોરિટી બેઈઝ પર રિસ્ટોરેશન કરાશે : પાણી પુરવઠા, રહેણાંક અને કોમ્યુનિકેશન ક્ષેત્ર માટેના વીજ પુરવઠાને પૂર્વવત કરવા અગ્રતા અપાશે**

ગાંધીનગર તા. ૧૭

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે બિપરજોય વાવાઝોડાથી અસર પામેલા ગામોના અસરગ્રસ્ત લોકોને નિયમાનુસારની કેશડોલ્સ આગામી ત્રણ દિવસમાં ચૂકવી આપવાની સ્પષ્ટ સૂચનાઓ આપી છે. મુખ્યમંત્રીશ્રીએ આ વાવાઝોડાને પરિણામે રાજ્યમાં દરિયાકિનારાના જિલ્લાઓમાં ઊભી થયેલી સ્થિતિની વિસ્તૃત વિગતો સંબંધિત જિલ્લાના કલેક્ટરો સાથે વિડિયો કોન્ફરન્સ યોજીને મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ શુક્રવારે સાંજે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે આ સંદર્ભમાં મુખ્ય સચિવશ્રી રાજકુમાર સહિતના વરિષ્ઠ સચિવો સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. તેમણે અસરગ્રસ્ત જિલ્લાઓમાં વીજપુરવઠો, પાણી, રોડ-રસ્તા પૂર્વવત કરવા તેમ જ ઝાડ-વૃક્ષો પડી જવાને કારણે માર્ગો પર થયેલો આડશો દૂર કરવા પણ તાકીદ કરી હતી. એટલું જ નહીં, પશુઓના મૃત્યુના કિસ્સામાં નિયમાનુસાર સહાય સમયસર ચૂકવાઈ જાય અને અન્ય નુકસાનીનો સર્વે ત્વરાએ શરૂ થાય તેવી સૂચનાઓ આ બેઠકમાં આપવામાં આવી હતી.

રાજ્યના મહેસુલ વિભાગે કેશડોલ્સની ચૂકવણી રોકડમાં કરવા અંગે કરેલા ઠરાવમાં જણાવાયું છે કે બિપરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારના જે લોકોનું અગમચેતીના ભાગરૂપે સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું, તેવા લોકોમાં પુખ્તવયની વ્યક્તિને રૂપિયા ૧૦૦ પ્રતિદિન અને બાળકદીઠ રૂપિયા ૬૦ પ્રતિદિનની સહાય મહત્તમ પાંચ દિવસ માટે ચૂકવવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ વાવાઝોડાની આફતની ન્યુનત્તમ અસરો થઈ છે તે માટે તંત્રવાહકો, એન.ડી.આર.એફ, એસ.ડી.આર.એફ., કેન્દ્રિય એજન્સીઓ તથા રાજય સરકારના કર્મયોગીઓની દિનરાતની મહેનત અને સમયસરના આગોતરા આયોજન માટે આભાર વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં જિલ્લાવાર પ્રાથમિક નુકસાનીના અંદાજો મેળવ્યા હતા અને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે રાહત-સ્થાનોમાં આશ્રય લઈ રહેલા લોકોને કેશડોલ્સ અને અન્ય સહાય સમયસર ચૂકવાઈ જાય તેના પર ધ્યાન આપવું જરૂરી છે. એટલું જ નહીં, કાચા-પાકા મકાનો, ઝૂંપડાઓને થયેલા અંશતઃ નુકસાન કે સંપૂર્ણ નાશ પામવાના કિસ્સામાં પણ સર્વે ત્વરાએ હાથ ધરવા પર તેમણે ભાર મૂક્યો હતો. આ સંદર્ભની વિગતો આપતા બેઠકમાં જણાવ્યું કે અસરગ્રસ્ત ૮ જિલ્લાઓમાં કુલ આશરે ૭૧૯ કાચા-પાકા મકાનોને અંશતઃ નુકસાન થયું છે કે સંપૂર્ણ નાશ પામ્યા છે, તેવા પ્રાથમિક અહેવાલો મળેલા છે. મુખ્યમંત્રીશ્રીએ અસરગ્રસ્ત વિસ્તારોમાં જ્યાં વીજ-પુરવઠાને વિપરિત અસર પડી છે, તેમાં ત્વરાએ પૂર્વવત કરવા ઊર્જા વિભાગની વધુ ટીમો કાર્યરત કરવા સૂચના આપી હતી. તેમણે કહ્યું કે જે વીજપોલ કે ટ્રાન્સફોર્મર્સને ક્ષતિ પહોંચી ત્યાં પૂર્વવત કરવા માટે પાણી-પુરવઠા, રહેણાક મકાનો અને કમ્યુનિકેશન સાથે સંકળાયેલા વીજપોલ, ટ્રાન્સફોર્મર્સને અગ્રતા અપાશે. મુખ્યમંત્રીશ્રીએ વાવાઝોડાને પરિણામે વૃક્ષો પડી ગયા છે તેની સામે સૌને સાથે મળીને બમણાં વૃક્ષો વાવી વધુ ગ્રીન કવર કરવા પણ અનુરોધ કર્યો હતો. મુખ્ય સચિવશ્રી રાજકુમારે આ બેઠકમાં બિપરજોય વાવાઝોડાની સ્થિતિની સમીક્ષા કરતા કહ્યું કે, હવે આપણું ફોકસ રિસ્ટોરેશન ઓફ સર્વિસીસનું હોવું જોઈએ.

તેમણે આ સંદર્ભમાં કહ્યું કે ગામો-નગરોમાં જ્યાં પાણી ભરાઈ રહ્યું હોય, ત્યાં સાફ-સફાઈ, રોગચાળો ન ફેલાય તે માટે દવા છંટકાવ, રોગપ્રતિકારક દવાઓની વ્યવસ્થા પણ તાકીદે ગોઠવવી પડશે. તેમણે પરિસ્થિતિ ઝડપભેર પૂર્વવત થાય તે માટે આવશ્યક સેવાઓં ઝડપી રિસ્ટોરેશન થાય તે સુનિશ્ચિત કરવા તાકીદ કરી હતી. જરૂર જણાયે વધુ ટીમો પણ કાર્યરત કરવા તેમણે સૂચવ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હજી પાટણ, બનાસકાંઠા જિલ્લાઓમાં વરસાદની સંભાવનાઓ છે, તેને ધ્યાને લેતાં આ જિલ્લાઓના કલેકટરોને પણ આગોતરા આયોજન સાથે સજ્જ રહેવા બેઠકમાં સૂચનાઓ આપવામાં આવી હતી.આ બેઠકમાં આપવામાં આવેલી વિગતો અનુસાર અસરગ્રસ્ત જિલ્લાઓમાં ૧૫૩૬ વીજપોલની મરામત કરી દેવાઈ છે, ૪૪૯૦ ફિડર્સ પુનઃ કાર્યરત થઈ ગયા છે. વન વિભાગે પડી ગયેલા ૧૭૮૪ વૃક્ષો-આડશો દૂર કર્યા છે. ૩૭૦૦ કિ.મી. લંબાઈના માર્ગોને અસર પહોંચી હતી, તેમાંથી મોટાભાગના પૂર્વવત કરવાની કામગીરી કરાઈ છે. આ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કૈલાસનાથન તેમ જ અધિક મુખ્ય સચિવશ્રીઓ, અગ્ર સચિવશ્રીઓ, સચિવશ્રીઓ સહિત વરિષ્ઠ અધિકારીઓ પોતાના વિભાગોની કામગીરીની વિગતો સાથે સહભાગી થયા હતા.

# બિપરજોય વાવાઝોડામાં ગીર સોમનાથ જિલ્લામાં 'ઝીરો કેઝયૂઆલિટી' થી તંત્ર અને લોકોએ રાહતનો શ્વાસ લીધો

**જિલ્લામાં ફૂંકાયેલા ભારે પવનથી સેંકડો વૃક્ષો અને વીજ થાંભલાઓ ધરાશાયી થતા હટાવવા તંત્રએ તાબડતોડ કામગીરી કરી : જિલ્લા કલેકટર**



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૭

ગતરાત્રીના બીપરજોય વાવાઝોડું કચ્છની જમીન ઉપર લેન્ડફોલ થયુ તે પહેલાથી લઈ સમગ્ર રાત્રી દરમ્યાન વેરાવળ સોમનાથ શહેર સહિત સમગ્ર જિલ્લામાં સરેરાશ ૪૦ થી ૪૫ કીમીની ઝડપે પવન ફૂંકાયો હતો. આજે સવારથી પવનની ગતિ થોડી ધીમી પડી હતી. તો રાત્રી દરમ્યાન વરસાદી ઝાપટાઓ સતત વરસ્યા હોવાથી રસ્તાઓ ભીના થઈ ગયા હતા. જિલ્લામાં સરેરાશ છેલ્લા ચોવીસ કલાકમાં અડધો ઈંચ જેવો સામાન્ય વરસાદ વરસ્યો છે.

બિપરજોય વાવાઝોડા સંદર્ભે વખતોવખતની કેન્દ્ર, રાજ્ય અને હવામાન વિભાગની સુચનાઓનો ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્રએ અમલ કરાવતા 'ઝીરો કેઝ્યૂઆલિટી' અભિગમ સાથે સ્થિતિ સામાન્ય રહી છે. ત્યારે વાવાઝોડાના લેન્ડફોલ પછી જિલ્લાની પરિસ્થિતિ અંગે માહિતી આપતા જિલ્લા કલેકટર એચ.કે.વઢવાણિયાએ જણાવેલ કે, બીપરજોય વાવાઝોડાની આહટ વચ્ચે છેલ્લા બે દિવસથી જિલ્લામાં ભારે સુસવાટા મારતા પવન ફૂંકાવવાની સાથે સતત વરસાદી ઝાપટાઓ વરસી રહ્યા હતા. જિલ્લામાં એક માત્ર પશુ મૃત્યુ થયુ છે. જયારે બે દિવસમાં ભારે પવનના કારણે કુલ ૬૭ જેટલા વૃક્ષો ધરાશાયી થયેલ જેને પોલીસ, માર્ગ- મકાન તેમજ ફોરેસ્ટ વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે દૂર કરી માર્ગો ખુલ્લા કરાવી વાહનવ્યવહાર પણ પૂર્વવત કરાયો છે. જિલ્લામાં ૩૦૦ જેટલા વીજપોલ ધરાશાયી થયેલ જે પૈકી ૧૬૧ રીસ્ટોર કરી દેવામાં આવ્યા છે. જ્યારે ૫૬ જેટલા એગ્રીકલ્ચરલ ફૉલ્ટ ફિડરોને અગ્રતાના ધોરણે પ્રાથમિકતા આપી વીજ પુરવઠો જળવાઈ રહે તે માટે પીજીવીસીએલની ટીમો સતત કાર્યરત છે. સલામતીના ભાગરુપે શેલ્ટર હોમમાં સ્થળાંતરિત કરાયેલા ૨૯૭૮ લોકોને નિયમોનુસાર કેશડૉલ્સ ચૂકવવા માટે પણ પંચાયતોને સૂચનાઓ આપી દેવામાં આવી છે.

વધુમાં જિલ્લામાં આવતીકાલથી શાળાઓ રાબેતા મુજબ ચાલુ થઈ જશે. જિલ્લામાં ઝીરો કેઝ્યુઅલટીના અભિગમ સફળ રહેતા ફરીથી જનજીવન ધબકતું થઈ રહ્યુ છે. હજુ ભારે વરસાદની આગાહી હોવાથી ફાયર અને તારવૈયાઓની ટીમો સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

# ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા ભગવાન દ્વારકાધીશને બાવન ગજની ધજા અર્પણ

**મંત્રી સંઘવીએ વૈદિક મંત્રોચ્ચાર સાથે ધજાજીનું શોડષોપચારથી પુજન કર્યું, વાવાઝોડાનું સંકટ ટળતાં લોકસુખાકારી માટે વિશેષ પ્રાર્થના વાવાઝોડાથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૦ હજાર જેટલા વીજપોલને નુકસાન, આવતીકાલથી જનજીવન પૂર્વવત થઈ જશે**





દેવભૂમિ દ્વારકા તા. ૧૭

બિપરજોય વાવાઝોડાનું સંકટ ટળતાં ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ભગવાન દ્વારકાધીશની વિશેષ વંદના કરતા આજે ભગવાનને બાવન ગજની ધજા અર્પણ કરી હતી. આ સાથે દ્વારકા તેમજ રાજ્યના નાગરિકોની સુખાકારી માટે વિશેષ પ્રાર્થના કરી હતી. મંત્રી સંઘવીએ દ્વારકામાં જગત મંદિર ખાતે ધજાજીનું શોડષોપચારથી પુજન કર્યું હતું. અહીંના આચાર્યોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન કરાવ્યુંહતું. બાદમાં ભગવાન દ્વારકાધીશને આ ધજા અર્પણ કરાઈ હતી અને આ ધજા મંદિરના શિખર પર ચઢાવવામાં આવી હતી.

આ તકે મંત્રીશ્રી સંઘવીએ જણાવ્યું હતું કે, વાવાઝોડાનું સંકટ ટળતાં ભગવાન દ્વારકાધીશના મંદિર પર આજ સાંજથી પુનઃ ધજારોહણ શરૂ થયું છે. આવતીકાલથી પાંચેય સમયની ધજાઓ ચડાવવામાં આવશે, તેમજ તમામ દર્શનનો સમય પૂર્વવત થઈ જશે. 'બિપરજોય'થી નુકસાની અંગે તેમણે જણાવ્યું હતું કે, વાવાઝોડામાં કોઈ જાનહાનિ થઈ નથી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન મુજબ અને તેઓના સતત નિરીક્ષણને પગલે આ કુદરતી પ્રકોપ સામે આપણે ઝીરો કેઝ્યુઆલિટી જાળવી રાખી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૪૦ ગામડાઓમાં વાવાઝોડાથી આશરે ૧૦ હજાર જેટલા વીજપોલ પડી ગયા છે. જ્યારે વૃક્ષો પણ પડી ગયા છે. આ વૃક્ષો હટાવવાની કામગીરી પૂરજોશમાં છે, તેમજ વીજ પુરવઠો પણ પૂર્વવત થઈ જશે.

તેમણે કહ્યું હતું કે ગુજરાત પર કાયમ સોમનાથ મહાદેવ તેમજ ભગવાન દ્વારકાધીશની કૃપા રહી છે અને તેમની કૃપાથી આવતીકાલથી બધું જનજીવન પૂર્વવત થઈ જશે. આ તકે રાજકોટના ધારાસભ્યશ્રી ઉદય કાનગડ, જિલ્લા પ્રમુખશ્રી મયુર ગઢવી, રેન્જ આઈ.જી.શ્રી અશોકકુમાર યાદવ, પોલીસ અધિક્ષકશ્રી નિતેશ પાંડે વગેરે સાથે જોડાયા હતા.

# વેરાવળમાં ખારવા લોધી જ્ઞાતિના પટેલ સહિતના હોદેદારોની સર્વાનુમતે નિમણુંક કરાઈ



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૭

વેરાવળ સાગરપુત્ર ફાઉન્ડેશન ખારવા લોધી જ્ઞાતિના અધ્યક્ષ, પટેલ સહીતના હોદેદારોની સમાજની પરંપરા મુજબ સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. આ અંગે સમસ્ત ખારવા સમાજ સાગરપુત્ર ફાઉન્ડેશનના પટલ કિરીટભાઈ ધનજીભાઈ ફોફંડીએ જણાવેલ કે, ખારવા લોધી જ્ઞાતિનાં પટેલ, ઉપપટેલ તથા પંચ ચોવટીયાઓની વર્ષ ૨૦૨૩-૨૪ માટે વરણી કરવામાં પટેલ ચુનીભાઈ શામજીભાઈ ગોહેલ દ્વારા સંસ્થાની સામાન્ય સભા બોલાવેલ જેમાં વર્ષ ૨૦૨૨-૨૩નાં હિસાબ સાથે કામોની વિગતો રજૂ કરેલ જેની નોંધ લઈ ચુનીભાઈ શામજીભાઈ ગોહેલની નવ વર્ષની કામગીરીને ધ્યાને લઈ અધ્યક્ષ તરીકે તથા મોહનભાઈ છગનભાઈ ભારાવાલા ની પટેલ તરીકે સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવેલ છે. સમાજની પ્રણાલિકા મુજબ સાફો બાંધી પ્રથમ કામનાથ મહાદેવનાં દર્શન કર્યા બાદ સમાજનાં કાર્યાલય ખાતે પટેલ કિરીટભાઈ ફોફંડી દ્વારા બન્ને પદાધીકારીઓને હારતોરા કરેલ હતા અને આનવી ટર્મ માટે સંસ્થાનાં પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ ચોવટીયાઓની વરણી કરેલ જેમાં ઉપપટેલ બાબુભાઈ ખીમજીભાઈ ગોહેલ, ધનસુખ હરીલાલ વણીક, ચોવટીયા રામજી દેવજી ગોહેલ, જાદવભાઈ રામજીભાઈ ગોહેલ, દીપક પ્રેમજી માલમડી, અર્જુન ખીમજી મરવી, પ્રકાશ નથુભાઈ ગોહેલ, કાનજી હીરા ભારાવાલા, કેશવ શામજી ગોહેલ ની વરણી કરેલ જયારે સંસ્થાના પટેલ મોહનભાઈ છગનભાઈ ભારાવાલા એ પોતાના ઉપર મુકવામાં આવેલ વિશ્વાસને સાર્થક કરવા તમામ કરી છુટવાની ખાત્રી આપેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# વેરાવળ ખાતે રેડ ક્રોસ દ્વારા ફર્સ્ટ એઈડ ટ્રેનિંગ આપવાનું આયોજન

(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ, તા.૧૭

રાજય સરકાર અને ઈન્ડસ્ટ્રીમાં ઘણી બધી નોકરીઓ જેમ કે કન્ડક્ટર, ડ્રાયવર, એપ્રેન્ટિસ્ટશીપમા ઉમેદવારી નોંધાવવા માટે ફર્સ્ટ એઈડની ટ્રેનિંગ જરૂરી હોય છે. જે માટે વેરાવળ ખાતે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગીર સોમનાથ જિલ્લા શાખા દ્વારા ફર્સ્ટ એઈડ ટ્રેનિંગ આગામી સપ્તાહથી જે.પી.સ્કુલ ખાતે શરૂ કરવામાં આવનાર છે. જે ઉમેદવારોએ આ ટ્રેનિંગમા જોડાવાની ઈચ્છા હોય તેઓને રેડ ક્રોસ બ્લડ સેન્ટર અને આરોગ્ય ભવન, ગીતાનગર ૧, આવાસ યોજનાના કાર્યાલય ખાતે પોતાની વિગત માટે ફોર્મ તથા ફી ભરીને વહેલી તકે રજુ કરવા અપીલ કરવામાં આવે છે. કાર્યાલય મા ફોર્મ ભરવાનો સમય સવારે ૧૧ થી ૦૧ અને બપોરે ૩ થી ૬ રહેશે. ફોર્મ ભરવા માટે **2.5 cm x 3 cm.** ના કલર ફોટોગ્રાફ (૨ કોપી), ધોરણ ૧૦ અથવા ૧૨ની માર્કશીટની નકલ અને આધારકાર્ડ ની નકલ(ખરી નકલ અથવા સેલ્ફ એટેસ્ટેડ) સાથે જોડવાના રહેશે. વધુ માર્ગદર્શન માટે ચેરમેન કિરીટભાઈ ઉનડકટ(૯૮૨૫૮ ૪૦૬૧૮), સેવારામ મુલચંદાણી (૯૮૨૪૩ ૪૮૮૭૧) ગીરીશ ઠક્કર(૯૮૯૮૦ ૪૪૯૨૬) તથા અનિષ રાચ્છ(૯૮૯૮૦ ૪૨૦૪૨) તેમજ રેડ ક્રોસ કાર્યાલય (૭૬૦૦૮ ૨૪૩૬૫)નો ઉપરોક્ત સમય દરમ્યાન સંપર્ક કરી શકો તેમ એક યાદીમાં જણાવેલ છે.

## :: અવસાન નોંધ ::

વેરાવળ : રતિલાલ છગનલાલ તન્ના (છારાવાળા) (ઉં. વ. ૭૬) તે મહેશ (રેયોન) જગદીશ મારૂતિ પ્રોવીજન, ઈલાબેન ભરતભાઈ બુદ્ધદેવના પીતા, જેન્તીભાઈ, રમેશ છારાવાળાના કાકા, યશ વિવાનના દાદા, રામજીભાઈ રૂપભીંડાના જમાઈ, નાથાભાઈ (જીઈબીવાળા)ના બનેવી તા. ૧૪/૬/૨૩ ને બુધવારે શ્રીજી ચરણ પામેલ છે.

# વેરાવળમાંથી ૬ જુગારી ઝડપાયા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૭

વેરાવળ-કોડીનાર હાઈવે રોડ ઉપર આવેલી હોટલની સામે જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સોને રોકડ રૂા.૧૨૬૮૦ની સાથે પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના પો.કો. વિપુલભાઈ ટીટીયા સહીતનો સ્ટાફ પેટ્રોલીંગમાં રહેલ તે દરમ્યાન હાઈવે રોડ ઉપર હોટલ સોમચંદ્ર ની સામે જાહેરમાં જુગાર રમતા હોવાની બાતમીના આધારે દરોડો પાડતા (૧) અમીદ યુનુસભાઈ શેખ (૨) જોધા પાલાભાઈ કામળીયા (૩) સાહીલ મોહમદભાઈ શેખ (૪) સલીમ મહેમુદભાઈ સોલંકી (૫) સરમણ અરજણભાઈ પંપાણીયા (૬) સલીમ જુમાભાઈ ધુમલીયાને રોકડા રૂા.૧૨૬૮૦ ની સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# જિલ્લા વન વિભાગની ૨૫ ટીમો દ્વારા અત્યાર સુધીમાં ધરાશાયી થયેલ ૭૦થી વધુ વૃક્ષોને રસ્તા પરથી દૂર કરાયા

રાજકોટ તા. ૧૭ : બિપરજોય વાવાઝોડાને કારણે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દિવસ - રાત ખડેપગે રહીને કામગીરી કરી રહ્યું છે. જિલ્લાની ફોરેસ્ટ ટીમ દ્વારા રસ્તાઓ પર ધરાશાયી થયેલ વૃક્ષો તાત્કાલીક અસરથી દૂર કરવાની કામગીરી સુપેરે કરવામાં આવી રહી છે. ૫૨ માનવબળ સાથેની ૨૫ ટીમ દ્વારા પાટણવાવથી માણાવદર રોડ, તોરણીયા મોટી પરબડી રોડ, જામકંડોરણા - ગોંડલ રોડ, કાગવડ - જેતપુર રોડ, ઘોઘાવદર ગોંડલ બાયપાસ રોડ સહિત અત્યાર સુધીમાં આશરે ૭૦થી વધુ ધરાશાયી થયેલ વૃક્ષોને દૂર કરીને રસ્તાઓ ક્લીઅર કરવામાં આવ્યા છે.

# વિશ્વ પ્રસિધ્ધ જગત સ્વાદરસિકોની દાઢે વળગેલી તાલાળાની કેસર કેરી સોમવારથી અલવિદા



(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૭

વિશ્વ પ્રસિધ્ધ અને જગતભરનાં કેરી રસિયાઓની માનીતી તાલાળા ગીર કેસર કેરીનું મેંગો માર્કેટ ૧૯જુન સાંજ પછી કેસર કેરી કેરી ખાવાનાં રસિયાઓને 'એ..ય.. આવજો' કહેશે અને ફરી પાછા મળશું આવતા વર્ષે. આમ તો મૌસમ-આવક ભર માવઠા-પવન વચ્ચે પણ કેસર કેરી અણનમ અડીખમ રહી હતી. પરંતુ તા. ૧૨ જુન પછી બિપોરજોય સાયકલોનનાં કારણે કિસાનો, વેપારીઓ, કેરી રસિકોની મજા બગાડી નાખી જેને કારપણે ૧૩ તથા ૧૪ જુન સંભવિત સાયકલોનનાં કારણે બે દિવસ યાર્ડ બંધ રહયું હતું. અને એક દિવસ ભીમ અગીયારસનાં કારણે બંધ રહયું. તા. ૧૮ એપ્રીલથી શરૂ થયેલું આ યાર્ડ જો વાવાઝોડાનું સંકટ ન આવ્યું હતો તો લગભગ જુન આખર સુધી ચાલુ રહી શકત. હવામાનનાં પલ્ટા પછી કેરીની આવક પણ ઘટી. તા. ૧૫-૬-૨૩નાં રોજ માત્ર ૩૨૬૦ બોકસ ઉંચા ભાવ રૂા. ૩૯૦ અને નીચા ભાવ રૂા. ૧૦૦ રહયા હતાં. તા. ૧૬-૬-૨૩નાં રોજ માત્ર ૩૩૫૦ (૧૦ કિલોનાં) બોકસ ઉંચા ભાવ રૂા. ૪૨૫ અને નીચા ભાવ રૂા. ૧૧૦ રહયા હતાં.

અત્યાર સુધીનાં ૫૯ દિવસોમાં કુલ ૧૦ લાખ ૮૭ હજાર બોકસો આ યાર્ડમાં વેંચાણ માટે આવ્યા હતાં. વર્ષ ૨૦૦૦-૨૦૦૧ થી ૨૦૨૨-૨૩ સુધીનાં ૨૩ વર્ષમાં તાલાળા મેંગો માર્કેટ યાર્ડમાં ૧૭ વર્ષનાં આવક આંકડાનો વટાવી ચુકેલ છે. વિદેશમાં માંગ-નિકાસ પરીક્ષણ માટે ઘર આંગણે કે નજદીક વધેલી સુવિધાઓ ગ્રાહક, કિસાન, વેપારી સૌને પરવડે તેવી યાદગાર સીઝન રહી હતી. તાલાળા મેંગો માર્કે યાર્ડ ચેરમેન સંજય શીંગાળા, રમેશભાઈ, ગોરધનભાઈ અને યાર્ડનાં વેપારીઓ, કિસાનો સૌનો સહિયારો પ્રયાસ અને અપાયેલી સુવિધાઓને કારણે આ યાર્ડથકી ગુજરાતનું કેસર કેરીનું ગૌરવપ્રદ યાર્ડ બન્યું છે.

# દેલવાડા ચોકડી પાસેથી અપહરણ તથા પોકસોના ગુન્હામાં સંડોવાયેલ બે આરોપી ઝડપાયા

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૧૭

પોલીસ મહાનિરીક્ષકશ્રી મયંકસિંહ ચાવડા તથા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા ગીર-સોમનાથ તથા નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગારના માર્ગદર્શન હેઠળ ઉના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટરશ્રી એન.કે.ગોસ્વામીના માર્ગદર્શન તથા સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ સી.બી.જાડેજા તથા એ.એસ.આઈ.ડી.એમ.પરમાર તથા પી.એચ.રાયજાદા તથા પો.કો ધર્મેન્દ્રસિંહ હરાજભાઈ તથા કનુભાઈ નાજાભાઈ તથા કૌશીકસિંહ અરશીભાઈ તથા વિજયભાઈ હાજાભાઈ તથા નલીનભાઈ બાલાભાઈ તથા રાહુલભાઈ નારણભાઈ નાઓ બિપોરજોય વાવાઝોડા અનુસંધાણે ઉના પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ઉના સર્વેલન્સ ટીમનાઓની સંયુકત બાતમી આધારે હકીકત મળેલ કે,ઉના પો.સ્ટેના જાતીય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ-૨૦૧૨ ની કલમના કામના આરોપીઓ દેલવાડા ગામની ચોકડી ખાતે ઉભેલ છે તેવી હકીકત મળતા હકીકત વાળી જગ્યાએ આવતા પોલીસને જોય બન્ને ઈસમો ભાગવા જતા જેમના તેમ પકડી પાડી મજકુર ઈસમોના નામ પુછતા દિનેશ ભાણાભાઈ રાઠોડ તથા ધનજી ઉર્ફે કુનાલ ગોવિંદભાઈ પરમાર હોવાનુ જણાવતા હોય મજકુર ઈસમોને ઉપરોક્ત ગુન્હા અંગે પુછતા પોતે કબુલ કરેલ હતો.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **વંશી વિપુલભાઈ વિસાવેલીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **વંશી વિપુલકુમાર વિસાવેલીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**વંશી વિપુલકુમાર વિસાવેલીયા**

૫૭ બી, 'દર્શ' હરીદ્વાર સોસાયટી, ન્યુ બેસ્ટ ઈંગ્લીશ સ્કુલ પાસે, જોષીપરા, જૂનાગઢ- ૩૬૨૦૦૧


# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં અષાઢી નવરાત્રીનો સોમવારથી પ્રારંભ

## શહેરમાં આવેલા માતાજીનાં મંદિરોમાં પૂજન-અર્ચન, આરતી સહિતનાં અનેકવિધ કાર્યક્રમો યોજાશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં આગામી સોમવારથી અષાઢી નવરાત્રીનાંપ્રારંભની સાથેજ માતાજીનાં મંદિરોમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. અને દિવસ દરમ્યાન ભાવિકો દર્શનનો લાભ લઈ શકશે. શકિતની આરાધનાનાં પર્વ એવા નવરાત્રી વર્ષમાં ચારવાર આવે છે. જેમાં મહામાસની નવરાત્રી, ચૈત્રી નવરાત્રી, અષાઢી નવરાત્રી, આસો નવરાત્રીનું ધાર્મિકદ્રષ્ટીએ ખુબ જ મહત્વ છે. શકિતની આરાધનાનાં પર્વે માતાજીનાં ભકતો દ્વારા અનેક પ્રકારની પૂજા, અર્ચના કરવામાં આવે છે. હોમ-હવન, અનુષ્ઠાન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવે છે. તેમજ માતાજીની ભકિત કરવામાં આવે છે. અને સમગ્ર વિશ્વનાં કલ્યાણની કામનાં કરવામાં આવે છે. દરમ્યાન આગામી સોમવાર એટલે કે તા. ૧૯-૬-૨૩નાં રોજ અષાઢી નવરાત્રીનો મંગલમય પ્રારંભ થઈ રહયો છે ત્યારે જૂનાગઢ શહેરમાં આવેલા માતાજીનાં મંદિરોમાં વિશેષ પૂજાનાં કાર્યક્રમોયોજવામાંઆવનાર છે. કૃષિ યુનિ. ખાતે આવેલા આઈશ્રી ખોડીયાર માતાજીનાં મંદિરે પણ સવારથી જ પૂજન-અર્ચન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવશે. આ ઉપરાંત ખામધ્રોળ વિસ્તારમાં આવેલા આઈશ્રી ખોડીયાર માતાજીનું મંદિર, ઉપરકોટ ખાતે આવેલ આઈશ્રી ખોડીયાર માતાજીનું મંદિર તેમજ તળાવનાં કાંઠે આવલ આઈશ્રી ખોડીયાર માતાજીનાં મંદિરો તેમજ રાંદલ માતાજીનાં મંદિરો સહિતનાં મંદિરોમાં વિશેષ પૂજાનાં કાર્યક્રમો યોજાશે. તેમજ









ભવનાથ તળેટી વિસ્તારમાં આવેલા સુપ્રસિધ્ધ વાઘેશ્વરી માતાજીનું મંદિર, ગાયત્રી માતાજીનું મંદિર, ચામુંડા માતાજીનું મંદિર તેમજ મહાકાળી માતાજી મંદિર, આશાપુરા માતાજી મંદિર, મહાલક્ષ્મી માતાજી મંદિર સહિતનાં મંદિરોમાં પણ નવરાત્રીને લઈને અનુષ્ઠાન સહિતનાં કાર્યક્રમો તેમજ પૂજન સહિતનાં કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત ગરવા ગિરનાર ઉપર બિરાજતાં અંબાજી માતાજીનાં મંદિરે વિશેષ પૂજાનાં કાર્યક્રમ યોજાશે. શકિતની આરાધનાના પર્વ એવા અષાઢી નવરાત્રી પર્વ પ્રસંગે માતાજીનાં મંદિરો ઉપરાંત ધાર્મિક સ્થળોએ હવન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવનાર છે. અને માતાજીનાં મંદિરોમાં દર્શનાર્થે ભાવિકો લાભ લઈ શકશે અને નવરાત્રી દરમ્યાન શકિતની આરાધનાના પર્વને ભકિતભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવશે.

# જૂનાગઢ ગિરનાર પર્વતની સીડી ઉપર દુકાનોને ભારે પવનને કારણે નુકશાન : મોટા પથ્થરો તણાઈ આવ્યા






જૂનાગઢ, તા.૧૭

ભારે પવન અને વરસાદને કારણે ગિરનાર પર્વતની સીડી ઉપર બે દિવસના તોફાનના પગલે નાની મોટી દુકાનોને ભારે નુકશાન પહોચ્યું છે તેમજ સીડી ઉપર મોટા પથ્થરો તણાઈને આવ્યા છે ત્યારે ભાવિકોને સાવચેતી જાળવવા અપીલ કરવામાં આવી છે. જૂનાગઢ સહિત રાજયભરમાં બિપરજોય વાવાઝોડાની ગંભીર અસર પડી છે અને આ વાવાઝોડાને કારણે અનેક વિસ્તારોમાં મકાનોના છાપરા ઉડી જવા, વીજ પોલ ધરાશયી થવા, વૃક્ષો પડી જવા તેમજ નાની મોટી નુકશાની સાથે લાખોનું નુકશાન થયાનું અંદાજ છે. જો કે, આ અંગે નુકશાની અંગેની વિગતો જાણવા માટે સર્વે કરવામાં આવી રહેલ છે. આ દરમ્યાન જૂનાગઢ ગરવા ગિરનાર ખાતે પણ ભારે પવન ફુકાવવાના પગલે ગિરનાર પર્વતની સીડી ઉપર નાની મોટી દુકાનોને ભારે નુકશાન પહોંચ્યું છે. આ ઉપરાંત મોટા મોટા પથ્થરો પણ તણાઈને આવ્યા છે જેથી અંબાજી માતાજીના દર્શને પગપાળા આવનારા ભાવિકોને સાવચેતી જાળવવા અપીલ કરાઈ છે. આ ઉપરાંત તાત્કાલીક અસરથી સીડી ઉપરના પથ્થરો હટાવી લેવાની માંગ ઉઠી છે.

# જૂનાગઢ જીલ્લાની સ્થિતી સામાન્ય : જીલ્લા કલેકટર



જૂનાગઢ તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બિપરજોય વાવાઝોડા સંદર્ભે જૂનાગઢ જિલ્લાની પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. રાજ્યના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા અને પ્રભારી સચિવ મનીષ ભારદ્વાજની ઉપસ્થિતિમાં કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ જિલ્લામાં વાવાઝોડાની અસરથી વાકેફ કરતા સ્થિતિ સામાન્ય હોવાનું જણાવ્યું હતું.

**કેશ ડોલ વિતરણની કામગીરી પણ ઝડપભેર શરૂ કરવામાં આવશે : જીલ્લામાં ૩૨ જેટલા મકાનોમાં નાનું-મોટું નુકસાન થયું હોવાનું પ્રાથમિક સર્વેમાં સામે આવ્યું : એસ.ટી. બસોના રૂટ પણ શરૂ કરી દેવામાં આવ્યા : સ્થિતિ સામાન્ય રહી તો સોમવાર સુધીમાં ગિરનાર રોપ-વે શરૂ કરવાની પણ વિચારણા**

કલેકટરે જણાવ્યુ હતું કે, જિલ્લામાં સામાન્ય વરસાદ છે, પવન પણ ૩૦ થી ૩૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ચાલી રહ્યો છે. જિલ્લામાં કોઈ માનવ મૃત્યુ પણ નોંધાયું નથી. પશુઓમાં ત્રણ ઘેટાઓના મૃત્યુ પામતા ત્વરિત ૩૦૦૦ પેટે રૂા.૯૦૦૦ની સહાય પણ ચૂકવી દેવામાં આવી છે. તેમણે જણાવ્યુ કે, કેશડોલ વિતરણની કામગીરી પણ ઝડપભેર શરૂ કરવામાં આવશે. ૩૨ જેટલા મકાનોમાં નાનું-મોટું નુકસાન થયું હોવાનું પ્રાથમિક સર્વેમાં સામે આવ્યું છે. બાગાયત ખેતીમાં નુકસાન થયું હોવાનું સામે આવ્યું નથી, તેમપણ તેમણે જણાવ્યુંહતું. જિલ્લામાં એસ.ટી. બસોના રૂટ પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. માર્ગ ઉપર ધરાશાયી થયેલા ૨૫૦ જેટલા વૃક્ષોને દૂર કરી તમામ રસ્તાઓનો વાહન વ્યવહાર પૂર્વવત થયો છે. વાવાઝોડામાં પડી ગયેલા વીજ પોલને પણ ઝડપભેર રિસ્ટોર કરવામાં આવી રહ્યા છે. સ્થિતિ સામાન્ય રહી તો સોમવાર સુધીમાં ગિરનાર રોપ-વે પણ શરૂ કરવાની વિચારણા છે, તેમ કલેકટરશ્રીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જણાવ્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વાવાઝોડાની આફતમાં ભારત સરકારના પૂરતા સહયોગ સાથે હવામાન વિભાગ, એનડીઆરએફ, આર્મી સહિતની એજન્સીઓ અને વાવાઝોડાથી પ્રભાવિત જિલ્લાઓમાં પ્રશાસન દ્વારા ખૂબ અસરકારક કામગીરી થઈ હોવાનું જણાવ્યુ હતુ. ધરાશાયી થયેલ વૃક્ષોની સરખામણીએ બમણાથી પણ વધુ વૃક્ષ વાવેતર કરવા અને વાવાઝોડા પછીની હાથ ધરવામાં આવનાર સફાઈ, આરોગ્ય, વીજળી પૂર્વવત કરવા માટે સહિતની કામગીરી ઝડપભેર કરવા માટે સૂચના આપી હતી. આ વિડીયો કોન્ફરન્સમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી, નિવાસી અધિક કલેકટર પી.જી. પટેલ અને જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ સહિતના અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# જૂનાગઢમાં અષાઢી બીજ અંતર્ગત જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા ત્રિ-દિવસીય કાર્યક્રમનો આવતીકાલથી પ્રારંભ




જૂનાગઢ, તા.૧૭ ખાતે પુરીના જગન્નાથજી જૂનાગઢમાં ગંધ્રપવાડા મંદિરની આબેહૂબ પ્રતિકૃતિ

## વર્તમાન પરિસ્થિતિને લઈ ભજન સંધ્યા અને મહા પ્રસાદનો કાર્યક્રમ મોકૂફ

ધરાવતી ભગવાન જગન્નાથજીનું મંદિર આવેલ છે ત્યાં દર વર્ષની જેમ આ વર્ષે પણ જગન્નાથજી રથયાત્રા સમિતિ દ્વારા ભવ્ય કાર્યક્રમ અને ભગવાન જગન્નાથજીની શોભા યાત્રા સહિતના ત્રિ દિવસીય કાર્યક્રમનો આવતીકાલથી પ્રારંભ થશે.

કાર્યક્રમ અંતર્ગત પૂર્વતૈયારી રૂપે જગન્નાથજી મહોત્સવ સમિતિ દ્વારા મીટીંગ યોજવામાં આવી હતી. જેમાં વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને આ વર્ષે તા.૧૮ ને રવિવારે રાત્રે યોજાનાર રાધાકૃષ્ણ ભકિત સંગીત ગ્રુપ આયોજિત ભજન સંધ્યા અને શોભાયાત્રા સંપન્ન થયા બાદ રાત્રે હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે ભાવિકો માટે યોજાતા મહાપ્રસાદનો કાર્યક્રમ મૌકૂફ રાખવામાં આવ્યો છે.

ત્રિ દિવસીય કાર્યક્રમ અંતર્ગત આવતીકાલે રવિવારે સવારે ૯ થી ૪ વાગ્યા સુધી વિષ્ણુયાગ યજ્ઞ, તા.૧૯ ને સોમવારે જગન્નાથજી મંદિર ખાતે રાત્રે સત્યનારાયણ ભગવાનની કથા અને મંગળવારે અષાઢી બીજના દિવસે સવારે ભગવાનનું શાહી સ્નાન, બીજ હાંડી, આરતી, અને બપોરે મહાનુભવો અને સાધુ સંતોની ઉપસ્થિતિમાં પહીંદ વિધિ બાદ ભગવાન જગન્નાથજી, સુભદ્રાજી અને બલરામજીની ભવ્ય રથયાત્રા શહેરના માર્ગો પર નીકળશે. બહેન સુભદ્રાજીના રથને વિવિધ મહિલા મંડળો અને બહેનો દ્વારા ખેંચવામાં આવશે. આ વર્ષે શોભાયાત્રામાં વિવિધ ફલોટ જોડાશે. આ ઉપરાંત લેજિમ ટીમ, રાસ મંડળી, ધૂન મંડળ અને યુવક મંડળો બેન્ડબાજાના સથવારે શોભાયાત્રામાં જોડાશે. શોભાયાત્રાના રૂટ ઉપર ભાવિકોને સાકર, મીઠા દાણા , માંડવીના બી , અને રેવડી સહિતનો પ્રસાદ નો વિતરણ કરવામાં આવે છે જેના પેકિંગ અંગે જગન્નાથજી મંદિરે સેવકો દ્વારા જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિના માર્ગદર્શન હેઠળ તડામાર કામગીરી કરવામાં આવી રહી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી બીજ નિમિત્તે ભગવાન જગન્નાથજીની રથયાત્રા ધામધૂમ પૂર્વક કરવામાં આવશે જેને લઈ જગન્નાથજી રથયાત્રા સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# જૂનાગઢના સાબલપુર નજીકથી જુગાર રમતા ૩ મહીલા સહીત સાતને ઝડપી લેતી પોલીસ

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ તાલુકા પોલીસે સાબલપુર ખાડીયા વિસ્તાર નજીક જાહેરમાં જુગાર રમતા ૩ મહીલા સહીત ૭ને કુલ રૂા.૮૧૬૦ના રોકડ મુદામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

**જૂનાગઢમાં જુગાર દરોડામાં પાંચ ઝડપાયા**

જૂનાગઢ સી ડિવિઝન પોલીસે ગઈકાલે ચોકકસ બાતમીના આધારે લિરબાઈ પરા વિસ્તારમાં શંકર મંદિર સામેની ગલીમાં જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને રૂા.૧૧૧૨૦ના મુદામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

**મેંદરડા જુગાર દરોડો**

મેંદરડા પોલીસો સાત વડલા વિસ્તારમાંથી જાહેરમાં જુગાર રમતા છ શખ્સોને રૂા.૩૫૭૦ની રોકડ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# વિસાવદર : પેટ્રોલ છાંટી જીવનનો અંત આણનાર યુવતીના મૃત્યું અંગે માતાએ નોંધાવી પોલીસ ફરિયાદ

વિસાવદર તા.૧૭

વિસાવદર પંથકમાં ગત તા.૨૩-૫-૨૦૨૩નાં રોજ બનેલા એક બનાવમાં એક યુવતિએ જીંદગીથી કંટાળી અને પેટ્રોલ છાંટીને બળી જતા તેનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. આ બનાવમાં મૃતક યુવતિની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢ જીલ્લાના વિસાવદર રેલ્વે સ્ટેશનથી કાશીયા નેસ તરફ જતા રેલ્વે પાટાની નજીકના વિસ્તારમાં બનેલા બનાવ અંગે પોલીસો આપેલી વિગત અનુસાર મુળ કલ્યાણપુરના અને હાલ સાબલપુર ચોકડી નજીક જૂનાગઢ ખાતે રહેતા રેખાબેન મશરીભાઈ કરમુળ ઉવ.૪૫ એ રાજેશ દિનેશભાઈ સોલંકી રહેવાસી વિસાવદરવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આ કામના ફરીયાદી રેખાબેનની પુત્રી ભાવનાબેનને આરોપી રાજેશ દિનેશભાઈ સાથે પ્રેમ સબંધ હોય અને ફરિયાદીની દિકરી ભાવનાબેન સાથે લગ્ન કરવાનો ઈન્કાર કરતો હોય જેથી જીંદગીથી કંટાળી જઈ ભાવનાબેનો પોતાની મેળે પેટ્રોલ છાંટી બળી જતા તેમને સારવારમાં ખસેડવામાં આવેલ જયાં સારવાર દરમ્યાન ભાવનાબેનનું મૃત્યુ થયું છે આ બનાવમાં આરોપીએ ભાવનાબેનને દુઃખ ત્રાસ આપી અને માનસિક રીતે હેરાન પરેશાન કરી આપઘાત માટે મજબુર કરવા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવતા પોલીસે રાજેશ દિનેશભાઈ સોલંકી રહેવાસી વિસાવદરવાળા વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, પણમારી ચોક, જૂનાગઢ.
માપસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.